Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૮ મું. આત્મ સં. ૫૫ સંવત ૨૦૦૭.

અંક ૧૧-૧૨ મો. તા. ૧૫-૬-૭-૫૧ જ્યેષ્ઠ-અશાડ.

વાર્ષિક લવાજમ રૂા ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશકઃ-
શ્રી જૈન આત્માનંદ સભા,
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સભાના માનવંતા પેટ્રન—

A75



શેઠશ્રી રમણલાલભાઇ જેશીંગભાઇ.

શ્રી મહોદય પ્રેસ–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીમાન્ પુણ્યપ્રભાવક શ્રેષ્ઠિવર્ય જેશીંગભાઈ ઉગરચંદનું જીવનવૃત્તાંત.

ભારતના ગુજરાત પ્રાંતનું મુખ્ય પાટનગર અમદાવાદ અનેક ઉદ્યોગોનું કેન્દ્ર, વિવિધ શિક્ષણોનું વિદ્યાધામ; સરસ્વતી લક્ષ્મીના સુમેળવાળું સુપ્રસિદ્ધ શહેર છે. તે શહેરમાં અનેક વિદ્વાન આચાર્ય ભગવાનો, પવિત્ર મુનિપુંગવોના આવાગમનથી પવિત્ર થયેલ, અનેક સુંદર જિનાલયોથી વિભૂષિત, અનેક દાનવીર જૈન નરરત્નોવડે શોભાયમાન એવી આ જૈનપુરી( રાજનગર )માં પુણ્ય પ્રભાવક, પરમ શ્રદ્ધાળુ, ઉદાર દિલના, ધર્મરસિક, શેઠ સાહેબ જેસીંગભાઇ ઉગરચંદ છે.



પ્રબળ પુણ્યોદયે પરંપરાથી જન્મથી જ ઉચ્ચ સંસ્કાર પ્રાપ્ત થયા હતા. તેઓશ્રી ધર્મારાધક હોવાથી પરમ કલ્યાણકારક શ્રી સિદ્ધચક્રજી ( નવપદ તપ ) ઓળીની સંપૂર્ણ આરાધના કર્યા બાદ સં. ૧૯૯૭ની સાલમાં શ્રી ભોયણીતીર્થમાં શ્રી સિદ્ધચક્રારાધક સમાજ નવપદજીની ચૈત્રી ઓળીમાં પ્રથમ એકત્રિત થયો ત્યારે પરમ પૂજ્ય શાસન સમ્રા આચાર્ય ભગવંત શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર, વ્યાકરણવાચસ્પતિ આચાર્યદેવશ્રી વિજયલાવણ્યસૂરિજી મહારાજના વરદ હસ્તે ચૈત્રી પૂર્ણિમાનાં મંગલ દિવસે ચતુર્થવ્રત (બ્રહ્મચર્યવ્રત) ઉચ્ચરી મનુષ્ય જન્મનું પરમ સાર્થક કર્યું છે. વળી **જ્ઞાનપંચમી તપની** પૂર્ણ આરાધના કરી સં. ૧૯૭૬ ની સાલમાં જ્ઞાનની આરાધના માટે પાંચ છોડનું ઉજમણું કરી જ્ઞાનપંચમી તપને ઉજવી લાભ લીધો હતો.

શ્રી કદંબગિરિ તીર્થમાં નીચેના શ્રી મહાવીરપ્રભુના મુખ્ય મંદિર ફરતી બાવન દેરીમાંથી એક દેરી લઇને પરમાત્માની પ્રતિષ્ઠા કરી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રમણોપાસક શ્રેષ્ઠિવર્ય સંઘવી માણેકલાલ મનસુખભાઇનાં સંઘમાં શ્રી સિદ્ધક્ષેત્રમાં નવકારશી જમાડી સ્વામીવાત્સલ્ય કર્યું હતું.

સં. ૨૦૦૦ ની સાલમાં બાબુના દેરાસરની ભમતીમાં એક દેરીની પ્રતિષ્ઠા કરી આઠથી દશ હજાર રૂપિયાનો સદ્વ્યય કર્યો છે.

સં. ૨૦૦૧ ના પોસ વદી ૩ ના રોજ પોતાનાં ધર્મપત્ની શ્રીમતી મંગુબ્હેન અને શેઠ સાહેબના પૂજ્ય પિતાશ્રીની સ્વર્ગવાસતીથી એક હોવાથી એ ઉભયના કલ્યાણ નિમિત્તે ભારે અઠ્ઠાઈ મહોત્સવ, શાંતિસ્નાત્ર સાથે ઉજવ્યો હતો. જે વખતે દબદબાભર્યો રથયાત્રાનો વરઘોડો શેઠશ્રી તરફથી ચડાવવામાં આવ્યો હતો. અમદાવાદ જૈન બત્રીશી-બોર્ડીંગમાં પણ સારી રકમ આપી છે.

સં. ૨૦૦૩ ની સાલમાં શ્રી પાલીતાણા ચાતુર્માસ કર્યું હતું તથા ઉપધાનવહન કર્યાં હતા અને પ્રથમ માળ તેમણે આરોહણ કરી હતી.

શેઠ સાહેબ જેસંગભાઇએ સુકૃતની લક્ષ્મી મેળવી જાણી, વાપરી જાણી, આત્મકલ્યાણ સાધી મનુષ્ય જન્મનું સાર્થક અનેક રીતે કરી જાણ્યું છે.

શેઠ સાહેબે જેશંગભાઇ જ્ઞાન, દર્શન, તપ ( ચારિત્ર ) એ ત્રિરત્નોની આરાધના કરી છે.

શેઠ સાહેબની ૬૬ વર્ષની વૃદ્ધવય હોવા છતાં ધર્માનુષ્ઠાન કદિ ચૂકતા નથી. ચંદુલાલભાઇ, શાંતિલાલભાઈ, રમણલાલભાઈ, બાબુભાઇ, જયંતીલાલભાઇ, લાલભાઈ અને સારાભાઈ સુપુત્રો તથા સુપુત્રી બ્હેન કલાવતી એ સર્વ સંસ્કારી સંતતિઓ છે. આવા પુણ્ય પ્રભાવક જૈન નરરત્ન શેઠ જેસંગભાઇની *આજ્ઞા સ્વીકારી તેમના સુપુત્ર રમણભાઇએ આ સભાનું માનવંતું પેટ્રન પદ સ્વીકાર્યું છે જેથી આ સભા તેઓનો આભાર માને છે શેઠ રમણભાઇનો જન્મ માગશર શુદ ૧૧ તા. ૧૩-૧૨-૧૯૧૦ના રોજ થયો હતો. અન્ય બંધુઓ સાથે તેઓની ઓફીસ ચંપાગલી અને કાપડની દુકાન મુળજી જેઠા મારકીટમાં ચલાવે છે. અમે પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે કે શેઠ સાહેબ જેશીંગભાઈ અને તેમના સુપુત્રો દીર્ઘાયુ થઇ આર્થિક, શારીરિક, અને આધ્યાત્મિક લક્ષ્મી વિશેષ વિશેષ પ્રાપ્ત કરી આત્મકલ્યાણ સાધે.

---

*છેલ્લી ઘડીયે પુણ્યપ્રભાવક ધર્મનિષ્ઠ શેઠશ્રી જેસંગભાઈ પોતાના સુપુત્ર શ્રી રમણભાઇને પેટ્રન કરવા સભાને જણાવે છે, જેથી ધોરણ પ્રમાણે શેઠ શ્રી રમણભાઇનું જીવન વૃત્તાંત મંગાવતાં તેઓ જણાવે છે કે, અમારા પૂજ્ય પિતા ધાર્મિક જીવન જીવનારા પુણ્યપ્રભાવક છે વળી અનુકરણીય જીવન તેઓશ્રીનું હોવાથી તેમનું જીવનવૃત્તાંત દાખલ કરવા સભાને વિનંતિ કરૂં છું અને મારે વડિલની આજ્ઞા સ્વીકાર્યા સિવાય બીજો રસ્તો નહિ હોવાથી જ કંઇ કહેવાનું રહેતું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૭ જ્યેષ્ઠ—અશાડ. પુસ્તક ૪૮ મું.

વિક્રમ સં. ૨૦૦૭. :: તા. ૧૫ મી જુન-જુલાઈ ૧૯૫૧ :: અંક ૧૧-૧૨ મો.

## सामान्यजिनेश्वर स्तवन.

( ચાલ—એક દિલકે ટુકડે હજાર હુએ, કોઇ યહાં ગિરા કોઈ વહાં ગિરા. )

પ્રભુ તેરે શરણે આયા હૂં, ભવપાર કરો ભવપાર કરો,
તુમ તારક સમજકે આયા હૂં, ભવપાર કરો ભવપાર કરો;
લક્ષ ચૌરાશી ફિરફિરકે, ગતિ ચારકે ચક્રમેં ઘુમઘુમકે,
અબ તેરા દર્શન પાયા હૂં, ભવપાર કરો ભવપાર કરો. પ્રભુ તેરે૦
તુમ બિન પ્રભુ મેરી નૈયા, જગમેં નહીં કોઈ તારક હૈ,
જંબૂ વિનતિકો સ્વીકાર કરો, ભવપાર કરો ભવપાર કરો. પ્રભુ તેરે૦

મુનિરાજશ્રી જંબૂવિજયજી

---

## શ્રી વીર જિન સ્તવન.

( રાગ—ધીરે ધીરે આ રે બાદલ ધીરે ધીરે જા. )

વ્હાલું વ્હાલું લાગે દર્શન તારું તારું રે;
જોતાં તન મન મોર નાચે,
વીર જિન ધન રે...વ્હાલું વ્હાલું૦ ૧

સાચો સુખકર એક તું છે, દેવ જગ પ્યારો;
રાગદ્વેષથી ન્યારો શમરસ ક્યારો.
જોતાં૦, વ્હાલું વ્હાલું૦ ૨

હું ચાહું તારું ચરણ, તારું શરણ રંગે;
વીરતા આપી વીરજી! તાર દક્ષ ઉમંગે.
જોતાં૦, વ્હાલું વ્હાલું૦ ૩

પં. શ્રી દક્ષવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ' સુબોધમાળા '

( લેખકઃ—આ. મ. શ્રી વિજયકસ્તૂરસૂરિ મહારાજ )

( ગતાંક પૃષ્ઠ ૧૬૭ થી શરૂ )

૫૮ અનાદિ કાળથી જીવને જેવા સંસ્કાર હોય તે તરફ નિમિત્ત મળવાથી ઘસડાઇ જાય છે.

૫૯ પ્રકૃતિથી જ મોહનીય પાપકર્મ હોવાથી કોઇ પણ જીવને સાચું જ્ઞાન કે પ્રવૃત્તિ કરવા દેતું નથી.

૬૦ પૌદ્ગલિક સુખનાં સાધન મેળવી આપનારને પુન્ય કહેવામાં આવે છે, પણ તાત્ત્વિક પુન્ય તો તે જ કહેવાય કે જે આત્મિક શુદ્ધિ થાય તેવા સંયોગો મેળવી આપે.

૬૧ પૌદ્ગલિક વસ્તુઓમાં સાચાં સુખ, શાંતિ, આનંદ વિગેરે આત્મિક ગુણોનો વિકાસ કરવાની શક્તિ હોતી નથી.

૬૨ સકર્મક જીવ અનાદિ કાળથી પૌદ્ગલિક સુખના માટે જ પ્રવૃત્તિ કરતો આવ્યો છે તેથી સુખનું દારિદ્ર ટાળી શક્યો નથી, કારણ કે જડાત્મક સુખ કૃત્રિમ હોવાથી ક્ષણિક છે.

૬૩ ભોગ નિમિત્તે કરવામાં આવતી ધાર્મિક પ્રવૃત્તિઓ તથા વિચારો સંસારમાં રઝળાવે છે માટે જ તેને નિયાણું કહેવામાં આવે છે

૬૪ પરમાત્માની પ્રતિમા વિગેરે મનની ચંચળતા સ્થિર કરવાનું સાચું સાધન છે.

૬૫ હર્ષ શોક ગમવું–ન ગમવું વિગેરે રાગ–દ્વેષની પરિણતિને મંદ કરનારા વિચારોનો અભ્યાસ કરવાની જરૂરત છે.

૬૬ રાગ–દ્વેષના પ્રવાહની સાથે મનની ચંચળતાના પ્રવાહનો સંબંધ હોવાથી રાગાદિના પ્રવાહને અટકાવવા પ્રયાસ કરવાની આવશ્યકતા છે.

૬૭ રાગ–દ્વેષની પરિણતિને લઇને જ પૌદ્ગલિક વસ્તુઓમાં સારા નરસાપણાની ભાવના થાય છે માટે વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ વિચારીને રાગ–દ્વેષને નિર્બળ બનાવવાની જરૂરત છે.

૬૮ મોહનીય કર્મ નબળું થાય તો જીવ ધારે તેટલી આત્મિક સંપત્તિ મેળવી શકે છે.

૬૯ અધ્યવસાયની શુદ્ધિ સિવાય આત્મશુદ્ધિ થઇ શકતી નથી.

૭૦ પૌદ્ગલિક ભોગોની લાલસા છૂટ્યા સિવાય અધ્યવસાય શુદ્ધ થાય નહિં.

૭૧ વિષયાસક્તિ ટળવા સિવાય ભોગલાલસા છૂટી શકતી નથી.

૭૨ મિથ્યાભિમાન જીવમાં રહેલી વિષયાસક્તિનું સૂચક છે.

૭૩ ધાર્મિક પ્રવૃત્તિઓમાં કાયિક તથા વાચિક વ્યાપાર ઉપર જીવ સ્વાધીનપણે કાંઇક કાબૂ મેળવી શકે છે; પણ માનસિક વ્યાપારમાં તો પરાધીનપણે જીવને–પોતાને કાબૂમાં આવવું પડે છે.

૭૪ નિઃસ્વાર્થપણે ઉપદેશ આપવો અને પાળવો મુશ્કેલ છે, પણ સ્વાર્થ વૃત્તિથી તો બંને સહેલ છે.

૭૫ ધાર્મિક કે વ્યવહારિક પ્રવૃત્તિમાં માત્ર બીજાને સારું લગાડવાનું જ ધ્યેય હોય તો તેનું પરિણામ સુંદર હોતું નથી.

૭૬ સ્વપરની દયાના આશ્રયમાં રહીને તમને ગમે તેમ કરશો તો શ્રેયને નોતરવું નહિં પડે.

૭૭ સલાહ આપવી અને ઉપદેશ આપવો આ બંને શબ્દોમાં નામભેદ છે પણ અર્થભેદ નથી છતાં ધાર્મિક દૃષ્ટિથી કહેવાય તે ઉપદેશ અને વ્યવહારિક દૃષ્ટિથી અપાય તે સલાહ કહેવાય છે.

૭૮ દેહ દૃષ્ટિ ટળી જાય તો ઇચ્છાઓને અવકાશ હોતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીમદ્ દેવચંદ્રજીકૃત વીશ વિહરમાન સ્તવન મધ્યે

# સપ્તમ શ્રી ઋષભાનન જિનસ્તવન

સ્પષ્ટાર્થ સાથે.

સં.—ડૉકટર વલ્લભદાસ નેણસીભાઈ—મોરબી.

**શ્રી ઋષભાનન વંદીયે,**
**અચલ-અનંત ગુણ વાસ; જિનવર.**
**ક્ષાયિક ચારિત્ર ભોગથી,**
**જ્ઞાનાનંદ વિલાસ-જિનવર. શ્રી (૧)**

**સ્પષ્ટાર્થ:**-ધર્મધુરંધર, ધર્મતીર્થંકર, અશરણશરણ, શ્રી રૂષભાનન પ્રભુને આ લોક પરલોકના વિષયસુખની અભિલાષા સ્પૃહા રહિત તથા માનપૂજાના લોભ રહિત, આ સંસાર-સમુદ્રમાંથી તારણ તરણ જહાજ જાણી, અત્યંત વિશુદ્ધ ભાવનાએ પરમ આદરપૂર્વક વાંદયે-સેવા-ભક્તિ કરીયે. જે પ્રભુ અચલ અર્થાત્ પ્રદેશ માત્ર પણ દૂર ન થાય તથા રાગદ્વેષમોહજન્ય ચપલતા રહિત એવા જ્ઞાનાદિ અનંત ગુણના વાસ-નિધાન છે તથા ક્રોધ-માન-માયા-લોભ--હાસ્ય-રતિ—અરતિ-ભય-શોક-જુગુપ્સા તથા ત્રણ વેદ એ ચારિત્ર મોહનીય પ્રકૃતિનો સત્તા સહિત ક્ષય કરી યથાખ્યાત સ્વભાવાચરણ જ્ઞાન દર્શન આદિ અનંત સ્વાભાવિક ભોગજન્ય આનંદમાં અનંત જ્ઞાન સહિત વિલસે છે. (૧)

**જે પ્રસન્ન પ્રભુ મુખ ગ્રહે,**
**તેહિજ નયન પ્રધાન; જિનવર,**
**જિન ચરણે જે નામીયે,**
**મસ્તક તેહ પ્રમાણ. જિનવર. શ્રી. (૨)**

**સ્પષ્ટાર્થ:**-હે પ્રભુ! આપના જ્ઞાન, દર્શનાદિ સર્વે ભોગ ઉપભોગો આપને સદા સ્વાધીન વર્તે છે. કોઇ પણ કાળે પ્રદેશ માત્ર પણ દૂરવર્તી થાય તેમ નથી. તેથી આપ સદા શોક રહિત છો તથા તે ભોગ ઉપભોગને કોઇ પણ બાધા પીડા હરણ કરી શકે તેમ નથી તેથી પરમ નિર્ભય, તથા તે ભોગ ઉપભોગ પરદ્રવ્યના મેલ-મલિનતા રહિત સદા શુદ્ધ હોવાથી આપ ગ્લાનિ રહિત તથા તે ભોગ ઉપભોગો અખૂટ આનંદજનક હોવાથી અરતિ રહિત છો. એમ ક્રોધાદિ સર્વે કષાય રહિત હોવાથી આપનું મુખકમલ સદા અમ્લાન-પરમ પ્રફુલ્લિત પ્રસન્ન છે, દર્શનીય છે. એવા આપશ્રીના આનંદવર્ધક વદનકમલનું જે નેત્રવડે દર્શન થાય તે જ નેત્ર પ્રધાન કલ્યાણકારી માનું છું તથા મોક્ષમાર્ગમાં અતિ શીઘ્રતાએ ગમન કરનાર આપના ચરણહૃદયને જે મસ્તકવડે સ્પર્શ થાય તે જ મસ્તક પામ્યું પ્રમાણ ગણું છું. (૨)

**અરિહા પદકજ અરચીયે,**
**સલહીજે તે હથ્થ; જિનવર;**
**પ્રભુ ગુણ ચિંતનમેં રમે,**
**તેહજ મન સુકથ્થ. જિનવર. શ્રી. ૩**

**સ્પષ્ટાર્થ:**-અનાદિકાલથી આત્મસામ્રાજ્યને કબજે કરી રાખનાર મોહાદિ દુષ્ટ શત્રુઓને જેમણે અતિ તીક્ષ્ણ જ્ઞાનબાણવડે ગતઃપ્રાણ નિર્વંશ કર્યા છે એવા શ્રી અરિહંત, રૂષભાનન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવંત,–મારા મન મધુકરને અત્યંત વિશ્રામના સ્થાન શુદ્ધાત્મ અનુભૂતિ પરિમલથી ભરપૂર આપના ચરણકમલને જે હાથવડે અર્ચું–પૂજું તે જ હાથ સત્ય લાભકારી સમજું છું. તથા હે પ્રભુ! શરદ ઋતુના પૂર્ણ ચંદ્ર સમાન, આહ્‌લાદક શાંતિ આપનાર આપના અનંત નિર્મલ પરમ પવિત્ર ગુણસમૂહના ચિંતન–મનનમાં જે મન રમે, પ્રમોદ સહિત વર્તે તે જ મન સુકૃતાર્થ–સર્વ અર્થની સિદ્ધિ કરનાર માનું છું. પણ જેમ હરિણને તેના કાન મનોજ્ઞ સ્વરમાં લુબ્ધ કરી જાલમાં ફસાવી શસ્ત્રવડે પ્રાણનો વિયોગ કરાવે છે, તથા પતંગને જેમ તેના નેત્રો મનોજ્ઞ વર્ણમાં મોહિત કરી અગ્નિની જ્વાલામાં તેના દેહને ભસ્મીભૂત કરાવે છે, તથા મધુકરને તેની ઘ્રાણેંદ્રિ કમલની સુવાસમાં મોહિત કરી તે સ્થળે ઘેરી રાખી તેના વલ્લભ પ્રાણનો ત્યાગ કરાવે છે તેમ જો મારું મન–ઇંદ્રિયો તથા અંગોપાંગ વિષયકષાયના પદાર્થો ઉપાર્જન કરવામાં–મેળવવામાં તેનું સેવન, તેની રક્ષા કરવામાં રોકાય, સ્વપર જીવના દ્રવ્યભાવ પ્રાણની હિંસા કરવામાં વર્તે–મદદકારી થાય, પાપકર્મનું ઉપાર્જન કરી ભવભ્રમણના હેતુ થાય, તો એવા મન તથા ઇંદ્રિયોના લાભથી શું? તથા દશ દૃષ્ટાંતે દુર્લભ એવા મનુષ્ય-ભવનો લાભ પણ નિષ્ફલ. કહ્યું છે કે—

यः प्राप्य दुःप्राप्यमिदं नरत्वं
धर्मं न यत्नेन करोति मूढः।
क्लेशः प्रबंधेन स लब्धमब्धौ
चिंतामणिं पातयति प्रमादात् ॥

**જાણો છો સહુ જીવની,**
**સાધક બાધક ભ્રાંત; જિનવર;**
**પણ શ્રી મુખથી સાંભળી,**
**મન પામે નિરાંત. જિનવર. શ્રી. ૪**

**સ્પષ્ટાર્થ**:—હે ત્રિલોકપૂજ્ય! દર્પણતલની માફક આપની કેવલજ્ઞાનમય ઉત્કૃષ્ટ જ્યોતિમાં સર્વે દ્રવ્યો પોતાના ત્રૈકાલિક સંપૂર્ણ પર્યાયો સહિત પ્રયાસ વિના યથાવત્ પ્રતિબિંબિત થાય છે તેથી સર્વે જીવોની સાધક–બાધક ભ્રાંતિ આપ જાણો છો. અર્થાત્ અમુક જીવ આ સમયે સમ્યગ્ જ્ઞાન–દર્શન–ચારિત્રરૂપ મોક્ષસાધનમાં વર્તે છે કે રત્નત્રયના પ્રત્યનીકપણે ભવભ્રમણના હેતુ કર્મ–બંધનમાં વર્તે છે એ સર્વે વૃત્તાંત, હે કરુણાનિધિ! આપ તો પ્રત્યક્ષપણે જાણો છો જ. પણ જો આપના મુખારવિંદથી હું સાધક-ભાવમાં વર્તું છું એમ સાંભળું તો મારું મન નિરાંત પામે. ભવભ્રમણના ભયનો ક્લેશ શમે–દૂર થાય.

**તીન કાલ જાણંગ ભણી,**
**શું કહિયે વારંવાર; જિનવર,**
**પૂર્ણાનંદી પ્રભુતણું,**
**ધ્યાન તે પરમ આધાર. જિનવર. શ્રી (૫)**

**સ્પષ્ટાર્થ**:—ત્રણ કાલની પરિણતિને હસ્તા-મલકવત્ પ્રત્યક્ષપણે સમકાલે જાણવા દેખવા-વાળા પ્રભુ પ્રત્યે વારંવાર શું કહું? મને તો હે પ્રભુ! સ્વયંભૂરમણ સમુદ્રની પેઠે અખૂટ આનંદ રસથી ભરપૂર આપના જ પદનું ધ્યાન–આપના પદમાં એકાગ્ર ચિત્ત–તલ્લીનતા તે જ ભવસમુદ્રથી તરવામાં ઉત્કૃષ્ટ આધારભૂત છે.

**કારણથી કારજ હુવે,**
**એ શ્રી જિનમુખ વાણ; જિનવર.**
**પુષ્ટ હેતુ મુજ સિદ્ધિના,**
**જાણી કીધ પ્રમાણ. જિનવર. શ્રી (૬)**

**સ્પષ્ટાર્થ**:—જગતદીવાકર, સંપૂર્ણ તત્વ-વેત્તા, શ્રી કેવલી ભગવંત, એમ પ્રરૂપે છે કે–યોગ્ય કારણના યોગવડે કાર્યસિદ્ધિ થઇ શકે અર્થાત્ કાર્યના સ્વરૂપનો યથાર્થ જાણનાર કાર્યનો અભિલાષી કર્તા, ઉપાદાન અને નિમિત્ત કારણવડે કાર્યસિદ્ધિ પામી શકે–ઉપાદાન–જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પદાર્થ કાર્ય સન્મુખ થાય તથા તેજ સંપૂર્ણ કાર્યરૂપ થાય-કાર્યસિદ્ધિએ જેની હયાતિ જણાય તે ઉપાદાન કારણ જાણવું. જેમ ઘટનું ઉપાદાન કારણ માટી તથા પટનું ઉપાદાન કારણ રૂ અથવા સૂતર, કારણ કે માટીનો પિંડ થાય, પિંડથી સ્થાસ-કુસલાદિ પર્યાયો થઈ માટી જ સંપૂર્ણ ઘરરૂપ થાય; સંપૂર્ણ ઘર થયે પણ માટીના હયાતી છે માટે માટી ઘરનું ઉપાદાન કારણ સમજવું. માટીથી જ ઘર ઉત્પન્ન થઇ શકે પણ અન્ય વસ્તુમાંથી ઘર થઈ શકે નહિ.

નિમિત્ત—જે ઉપાદાન કારણથી ભિન્ન હોય છે પણ તે વિના કાર્ય સિદ્ધ થઈ શકતું નથી. કાર્યસિદ્ધ કરવામાં જેની ખાસ જરૂર છે તે નિમિત્ત કારણ છે. તે નિમિત્ત કારણપદ, કર્તાને આધીન વર્તે છે. જેમ ઘટનું ઉપાદાન કારણ માટી છે અને માટીથી દંડ-ચક્ર-ચીવર આદિ ભિન્ન છે તો પણ કુંભારને ઘટ સિદ્ધ કરવામાં દંડ-ચક્રાદિની અવશ્ય જરૂર છે. તે વિના ઘટ બનાવી શકે નહિ. તેથી દંડ-ચક્રાદિ ઘટના નિમિત્ત કારણ જાણવા પણ તે દંડ-ચક્રાદિને કુંભાર જ્યારે માટીને ઘટરૂપ કરવામાં પ્રવર્તાવે (ઉપયોગમાં લે) ત્યારે જ તેનો (દંડ-ચક્રાદિ) નિમિત્ત કારણ કહેવાય. પણ કુંભાર ઘટકાર્ય કરવામાં દંડ-ચક્રાદિને વાપરતો ન હોય તો તે કારણ કહેવાય નહીં. કાર્ય કરવા માંડતાં પહેલાં તથા કાર્ય સિદ્ધ થઇ ગયા પછી. તે દંડાદિમાં કારણ પદ નથી, કારણ કે કાર્ય કારણ એક સમયે છે. પણ જે કાર્યાનંતર તથા પ્રથમ અપ્રયુક્ત કાલે દંડાદિકને નિમિત્ત કારણ કહે છે તે માત્ર નૈગમ નયનો મત જાણવો. એમ કાર્યના સ્વરૂપનો જાણનાર, કાર્યનો અભિલાષી કર્ત્તા સાચા ઉપાદાન તથા નિમિત્તના યોગે કાર્યસિદ્ધિ પામે પણ કારણ વગર કાર્યસિદ્ધિનો આકાશપુષ્પવત્ અભાવ જાણવો, તેથી હે પ્રભુ! જ્ઞાનપૂર્વક નિરધાર કરતાં મારા પરમાત્મ સિદ્ધિના પુષ્ટ હેતુ આપને જાણી આપનું જ કારણ અંગીકાર કરું છું. નિમિત્ત કારણના બે ભેદ છે. (૧) પુષ્ટ નિમિત્ત (૨) અપુષ્ટ નિમિત્ત અર્થાત્ સાધ્ય ધર્મ જેમાં પ્રગટ વિદ્યમાન હોય તથા જેમાં કદાપિ કાર્યનો ધ્વંસકભાવ ન હોય તે પુષ્ટ નિમિત્ત જાણવું. જેમ તીર્થંકર ભગવંતમાં પરમાત્મપદ પ્રગટ વિદ્યમાન છે તથા પરમાત્મપદના ઘાતક ભાવનો તેમાં સર્વથા અભાવ છે માટે તીર્થંકર ભગવંત પરમાત્મપદ સાધવામાં પુષ્ટ નિમિત્ત છે, એમ જાણવું.

અપુષ્ટ નિમિત્ત-જેમાં સાધ્યપદ વિદ્યમાન ન હોય, જે કર્તાની પ્રેરણાથી કારણ થાય છે. વળી તેમાં ધ્વંસક ભાવ પણ રહેલો હોય તે અપુષ્ટ નિમિત્ત છે. જેમ દંડ તે ઘટનું અપુષ્ટ નિમિત્ત છે કારણ કે દંડમાં ઘટપણું વિદ્યમાન નથી. વળી કુંભાર જ્યારે ઘટ કરવામાં પ્રવર્તાવે તો જ ઘટોત્પત્તિનું નિમિત્ત કહેવાય પણ જો કુંભાર ઘટધ્વંસ કરવામાં વાપરે તો તે ઘટધ્વંસના નિમિત્ત કહેવાય, માટે દંડ તે ઘટનું અપુષ્ટ કારણ જાણવું, માટે હે રૂષભાનન ભગવંત! આપ મારા પરમાત્મપદના પુષ્ટ નિમિત્ત છો માટે આપની જ સેવાથી મારી સિદ્ધિ થશે એમ જાણી આપની જ સેવા અંગીકાર કરું છું.

શુદ્ધ તત્ત્વ નિજ સંપદા,
જ્યાં લગે પૂર્ણ ન થાય; જિનવર.
ત્યાં લગે જગગુરુ દેવના,
સેવું ચરણ સદાય- જિનવર-શ્રી (૭)

**સ્પષ્ટાર્થઃ**-અજ્ઞાનરૂપ અંધકારનો અત્યંત નાશ કરનાર તથા સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ સંપૂર્ણ આત્મગુણની સિદ્ધિને પ્રાપ્ત હોવાથી જગદ્‌ગુરુ તથા જગતદેવ હે રૂષભાનન સ્વામી! જ્યાં સુધી શુદ્ધાત્મ તત્ત્વરૂપ સ્વા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સીમંધરસ્વામી સંબંધી સાહિત્ય

( લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા. એમ. એ. )

જૈન આગમોના અભ્યાસીને એ કહેવું પડે તેમ નથી કે કેટલીયે બાબતો આજે ઉપલબ્ધ થતાં આગમોમાં મળતી નથી. દા. ત. સમ્રાટ્ ખારવેલ વિષે **હિમવંત-થેરાવલી** જેવી કૃતિને બાદ કરતાં આગમિક સાહિત્યમાં ઉલ્લેખ નથી.

**સીમંધરસ્વામી** વિષે ૧૧ અંગ, ૧૨ ઉવંગ, ૪ મૂલસુત્ર, ૬ છેયસુત્ત અને ૨ ચૂલિયાસુત્તમાં તો ઉલ્લેખ જણાતો નથી. આથી તો [1]સ્થાનકવાસી કે તેરાપંથી સંપ્રદાય જે આગમો સિવાયના સાહિત્યનો ભાગ્યે જ સ્વીકાર કરે છે તેઓ તો **સીમંધરસ્વામીની** વિદ્યમાનતા માટે કશું પ્રમાણ રજૂ કરી શકે તેમ નથી, જો કે **સીમંધરસ્વામીની** હયાતી વિષે તેઓ ના પાડતા નથી.

**દસવેયાલિય**ની નિજ્જુત્તિનું સંપાદન પ્રો. કે. વી. અભ્યંકરે કર્યું છે. એમાં નીચે મુજબની અંતિમ ગાથા છેઃ—

**“आओ दो चूलाओ आणीआ जक्खिणीए अज्जाए सीमंधरपासाओ भवियाण विबोहणट्ठाए ॥”**

કહેવાની મતલબ એ છે કે–દસવેયાલિયના અંતમાંની બે ચૂલાઓ **રઈવક્કા** અને **વિવિત્તચરિયા** એ બે ચૂલાઓ આર્યા યક્ષિણી ભવ્ય જીવોના વિબોધનાર્થે **સીમંધર**(સ્વામી) પાસેથી લાવી.

૧ આ સંપ્રદાય સામાન્ય રીતે આજે તો ૩૨ આગમો ને સૂત્રોને માને છે, જો કે **લોંકા**શાહ ૪૫ માનતા હતા એમ લાગે છે. **પવયણપરિક્ખા** ( ભા. ૨, પત્ર ૩૩૧ ) પ્રમાણે આ લોંકાશાહના કેટલાક અનુયાયીઓ ૨૭ ને કેટલાક ૨૯ માનતા હતા. આ પરિસ્થિતિ વિ. સં. ૧૬૨૯ ની આસપાસની હશે.

---

ભાવિક અખંડ અખૂટ અનુત્તર સંપદાની અને સંપૂર્ણપણે સિદ્ધિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી હે દીનદયાલ ! આપના દ્રવ્ય-ભાવરૂપ ચરણયુગ્મનું નિરંતર સેવન કરું એમ ભાવના ભાવું છું. ( ૭ )

**કારજ પૂર્ણ કર્યા વિના,**
**કારણ કેમ મૂકાય? જિનવર;**
**કારજરુચિ કારણતણા,**
**સેવે શુદ્ધ ઉપાય-જિનવર-શ્રી (૮)**

**સ્પષ્ટાર્થઃ**—જેમ સમુદ્ર પાર પામવાનો ઇચ્છક પુરુષ જો સમુદ્ર વચ્ચે વહાણનો ત્યાગ કરે તો સમુદ્ર પાર જઇ શકે નહિ અને વચ્ચે ડૂબી જાય, માટે હે ભગવંત! પરમાત્મસિદ્ધિરૂપ મારું કાર્ય જ્યાં સુધી સિદ્ધ થયું નથી ત્યાં સુધી પુષ્ટાલંબનરૂપ આપના ચરણયુગ્મની સેવના કેમ છોડું ? કારણ કે કાર્યસિદ્ધિનો રુચિવંત પુરુષ કાર્ય સિદ્ધ થતાં સુધી શુદ્ધ કારણોને યથાર્થપણે સેવે–આદરે એ નીતિ છે. ૮

**જ્ઞાન ચરણ સંપૂર્ણતા,**
**અવ્યાબાધ પમાય; જિનવર;**
**દેવચંદ્ર પદ પામીયે,**
**શ્રી જિનરાજ પસાય. જિનવર. શ્રી. ૯**

**સ્પષ્ટાર્થઃ**—સ્તવનકર્તા શ્રી દેવચંદ્ર મુનિ કહે છે કે-તરણતારણ સામાન્ય કેવલીઓમાં રાજા સમાન **શ્રી** રૂષભાનન તીર્થંકરના ચરણપસાયે સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન, સમ્યક્ ચારિત્રની સંપૂર્ણતા તથા પૂર્ણ અવ્યાબાધપણું તથા અમાયી, અલેશી, અફંદી, અલોભીપણું આદિ સર્વે આત્મગુણની સંપૂર્ણતારૂપ દેવમાં ચંદ્રમા સમાન પરમાત્મપદની સિદ્ધિ પામીયે, કૃતકૃત્ય થઇએ, અનંત કાલ સુધી સહજ અખંડ પરમાનંદ વિલાસને પામીયે. (૯)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણે આ ગાથામાં **સીમંધરસ્વામીનો** ઉલ્લેખ છે ખરો, પરંતુ આ ગાથા નિજ્જુત્તિની હોવા વિષે શંકા રહે છે, કેમકે નિજ્જુત્તિ સહિત **દસવેયાલિય** ઉપર હરિભદ્રસૂરિએ જે ટીકા રચી છે તેમાં આ ગાથા ઉપર કશું લખાણ નથી. વળી આ સટીક આવૃત્તિ દે. લા. જૈ. પુ. સંસ્થા તરફથી છપાઇ છે તેમાં આ ગાથા પણ નથી આ ગાથા પણ નિજ્જુત્તિની નહિ હોય અને ભાસની હોય તો એ ભાસના કર્તાનો સમય જાણવામાં નથી.

બીજી ચૂલામાંનો પ્રારંભ નીચે મુજબ છે:—

**"चूलिअं तु पवक्खामि सुअं केवलिभासिअं"**

આનો અર્થ એ છે કે–સર્વજ્ઞે કહેલ શ્રુતરૂપ ચૂલિકાનું હું પ્રવચન કરીશ. આ સર્વજ્ઞ તે કોણ ? એ વાતનો અહીં નિર્દેશ નથી. હરિભદ્રસૂરિ આની ટીકામાં નીચે પ્રમાણેનો "વૃદ્ધવાદ" હોવાનું કહે છે:—

કોઇક આર્યાએ અસહિષ્ણુ અને કુરગડુક જેવા સંયમીને ચાતુર્માસિકાદિમાં ઉપવાસ કરાવ્યો. એઓ એ આરાધનાવડે કાલધર્મ પામી ગયા. 'મેં ઋષિની હત્યા કરી' એ વિચારે એ આર્યા શોકાતુર બની. એણે તીર્થંકરને પૂછવાનો વિચાર કર્યો. એના ગુણોથી આકર્ષાયેલ દેવતા (દેવી) એને **સીમંધરસ્વામીની** પાસે લઇ ગઇ. એણે ભગવાનને પૂછ્યું. 'તારું ચિત્ત દુષ્ટ નથી, તું હત્યારી નથી' એમ કહી ભગવાને એને આ ચૂલા આપી.

આ સમગ્ર વૃદ્ધવાદ એક વાર ન પણ માની લેવાય તો પણ **સીમંધરસ્વામી** વિષેનો ઉલ્લેખ હરિભદ્રસૂરિના સમય જેટલો તો પ્રાચીન છે જ, એ વાત નિર્વિવાદપણે સ્વીકારવી પડે તેમ છે.

**દસવેયાલિય** ઉપર જે અજ્ઞાતકર્તૃક ચુણ્ણિ છે તેમાં આવા કોઇ 'વૃદ્ધવાદ' વિષે ઉલ્લેખ જોવાતો નથી. એમાં **સીમંધરસ્વામી** વિષે પણ નિર્દેશ હોય એમ જણાતું નથી. સ્થવિર અગસ્ત્યે **દસવેયાલિય** ઉપર ચુણ્ણિ રચી છે અને એની એક હાથપોથી જેસલમેરનાં ભંડારમાં છે અને આ કૃતિ વિક્રમની પાંચમી–છઠ્ઠી સદીમાં રચાયાનું અનુમાન કરાય છે. [1]આ ચુણ્ણિમાં **સીમંધરસ્વામીનું** નામ છે ?

હરિભદ્રસૂરિ પછી શીલાંકસૂરિ થયા છે. એમણે સૂયગડ અને એની નિજ્જુત્તિ ઉપર ટીકા રચી છે. આના બીજા સુયક્ખંધ ( અ. ૨; સુત્ત ૨૯ ) ઉપરની ટીકા(પત્ર ૩૧૭ આ)માં **સીમંધરસ્વામી** વિષે ઉલ્લેખ છે. પ્રસ્તુત પંક્તિ નીચે મુજબ છે:—

**"ये तेऽतिक्रान्ता ऋषभादयस्तीर्थकृतो ये च वर्तमानाः क्षेत्रान्तरे सीमन्धरस्वामिप्रभृतयो ये योगमिनः पद्मनाभादयोऽर्हन्तो भगवन्तः सर्वेऽपि ते पूर्वोक्तान्येतानि त्रयोदश क्रियास्थानानि अभाषिषुः भाषन्ते भाषिष्यन्ते च ॥"**

'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ **પરિશિષ્ટપર્વ**- ( સ. ૯, શ્લો. ૯૫ ને ૯૭ )માં **સીમંધરસ્વામીનો** ઉલ્લેખ કર્યો છે. વિશેષમાં એમણે **સીમંધરસ્વામી** પાસેથી મુનિરત્ન સ્થૂલભદ્રની બેન સાધ્વી જયેષ્ઠા [2]ચાર અધ્યયનો લાવ્યાની વાત અહીં આપી છે.

વસ્તિગ નામના કવિએ વિ. સં. ૧૩૬૮માં જૂની ગુજરાતી ભાષામાં "વિહરમાન વીશ તીર્થંકર સ્તવ" રચેલો છે. [3]એમાં **સીમંધરસ્વામીનો** ઉલ્લેખ છે. 'મહાવિદેહ' ક્ષેત્રમાં વિચરતા તીર્થંકરો પૈકી એઓ એક છે એમ મનાય છે.

**જિનરત્નકોશ**( ભા. ૧, પૃ. ૩૬૧ )માં વિહરમાણ તીર્થંકરોને ઉદ્દેશીને રચાયેલી નીચે પ્રમાણેની કૃતિઓની નોંધ છે:—

---

૧ જુઓ "શ્રી આત્માનંદપ્રકાશ" ( પુ. ૪૮, અં. ૪ ).

૨ ભાવના, વિમુક્તિ, રતિકલ્પ અને વિચિત્રચર્યા.

૩ જુઓ જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ ( પૃ. ૪૩૪ ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**(૧) વિહરમાણ જિન એકવિંશતિસ્થાન.** આના કર્તા **શીલદેવ** છે, એના ઉપર સ્વોપજ્ઞ ટીકા છે.

**(૨) વિહરમાણ જિન સ્તોત્ર** ( વિહરમાણ જિણથોત્ત ). આ જઇણ મરહઠ્ઠીમાં ૩૨૫ શ્લોક પૂરતી રચાયેલી કૃતિના કર્તા **લબ્ધિસાગર** છે.

**(૩) વિહરમાણ જિન સ્તોત્ર.** આની એક હાથપોથી લીંબડીમાં છે.

**(૪) વિહરમાણ વિંશતિ ( જિન ) સ્તવન.** 'તપા' ગચ્છના **વિજયસેનસૂરિ**ના શિષ્ય કમલવિજય-ગણિએ આ સ્તવન વિ. સં. **૧૬૮૨**માં રચ્યું છે.

વિશેષમાં આ **જિનરત્નકોશ** (ભા. ૧, પૃ. ૪૪૩)-માં મુનિસુંદરસૂરિકૃત **સીમંધરસ્વામી સ્તુતિ** અને એની અજ્ઞાનકર્તૃક અવચૂરિની નોંધ છે. વિશેષમાં **જિનહર્ષ**કૃત **સીમંધર સ્તુતિ**, કર્તાના નામ વિનાનું **સીમંધર સ્તવન,** વિજયપ્રભસૂરિએ વિ. સં. ૧૭૧૩ માં રચેલું **સીમંધર સ્તવન** તેમજ **યશોવિજયગણિ**એ ૩૫૦ ગાથામાં રચેલું **સીમંધર જિન સ્તવન** એમ વિવિધ કૃતિઓનો ઉલ્લેખ છે.

**સ્તુતિ-સ્તોત્રો**–[1]**સીમંધર જિણ થુઇ**નું આદ્ય પદ્ય **સીમંધર** તીર્થંકરને ઉદ્દેશીને છે. આગમિક જયતિલકસૂરિએ [2]**ચતુર્હારાવલિ-ચિત્રસ્તવ** રચ્યો છે. એમાં એમણે અંતમાં વિહરમાણ–શાશ્વત–જિન-હારાવલિ-ચિત્રસ્તવમાં **સીમંધરસ્વામીને** અંગે એક પદ્ય રચ્યું છે. અજ્ઞાતકર્તૃક[3] **વિહરમાણવિંશતિ** જિન **સ્તવન**ના પ્રથમ પદ્યમાં 'મહાવિદેહ' ભૂમિના મુગટ તરીકે **સીમંધરસ્વામી**નો ઉલ્લેખ છે.

જિનસુંદરસૂરિએ ૨૫ પદ્યનું સંસ્કૃતમાં **સીમંધરસ્વામી** [1]**સ્તવન** રચ્યું છે. એમાં **એમણે સીમંધરસ્વામીને** 'પૂર્વ વિદેહ'ના ભૂષણરૂપ કહ્યા છે.

ઉપાધ્યાય **મેરૂનંદ**ને ૩૧ પદ્યમાં "**અપભ્રંશ**"માં **સીમંધર જિન સ્તવન** રચ્યું છે અને એ **જૈન સ્તોત્રસંદોહ**(ભા. ૧, પૃ. ૩૪૦–૩૪૫)માં છપાયું છે.

**સીમંધર-સ્વામી-શોભા-તરંગ** અંચલ-( વિધિ )ગચ્છના ગુણનિધાનસૂરિના શિષ્ય **સેવકે** વિ. સં. ૧૫૯૦માં **આદિનાથદેવ-રાસ-ધવલ** રચેલ છે આ **સેવકે** પાંચ ઉલ્લાસમાં **સીમંધર-સ્વામિ શોભાતરંગ** નામની ગુજરાતી કૃતિ રચી છે, એમ **જૈન ગૂર્જર કવિઓ** ( ભા. ૩, પૃ. ૫૮૪–૫ ) જોતાં જણાય છે. "**શ્રીસિદ્ધચક્ર**"-( વ. ૧૬, અં, ૬ )માં આ જ કૃતિની આઠ ઢાલ છપાઇ છે. વ. **૧૬**, અં. **૧૧**માં એના પછીની ત્રણ ઢાલ છપાઇ છે અને સાથે સાથે આ કૃતિનો સારાંશ આપવાનો પ્રયાસ કરાયો છે. આ કૃતિ હાલમાં તો કટકે કટકે પ્રસિદ્ધ થશે એમ લાગે છે.

આ પ્રમાણે **સીમંધરસ્વામીને** ઉદ્દેશીને રચાયેલી કેટલીક કૃતિઓ મેં અહીં ગણાવી છે, એમાં જે ખાસ ઉમેરવા જેવી કૃતિ રહી જતી હોય તો તે કામ વિશેષજ્ઞો બજાવશે એવી હું આશા રાખું તો કેમ?

**મંદિર**–જેમ આ ભારતવર્ષમાં ચાલુ '**હુંડા**' અવસર્પિણીમાં થઇ ગયેલા ચોવીશ તીર્થંકરોનાં મંદિરો છે તેમ **સીમંધરસ્વામીનાં** પણ મંદિર છે અને એવું એક મંદિર તો અહીં સુરતમાં પણ છે.

આ ઉપરથી એ વાત ફલિત થાય છે કે **સીમંધરસ્વામી**ની વિદ્યમાનતા આજે લગભગ બારસો વર્ષથી તો એકધારી મનાતી આવી છે.

---

૧ આ યશોવિજય–જૈન સંસ્કૃત–પાઠશાલા ( મહેસાણા ) તરફથી ઇ. ૧૯૧૨માં છપાયેલ **સાવચૂરિક સ્તુતિસંગ્રહ**માં પ્રસિદ્ધ થયેલી છે.

૨ આ પણ ઉપર્યુક્ત પાઠશાળા તરફથી ઇ. સ. ૧૯૧૪માં પ્રકાશિત **સ્તોત્રરત્નાકર**( સટીક )ના બીજા ભાગમાં છપાયેલો છે.

૩ એજન, પત્ર ૮૯ આ–૯૫ અ.

૧ જુઓ **જૈન સ્તોત્રસંગ્રહ** ( ભા. ૨ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# [1][2]પ્રભુના મંદિર ખોલો

( રાગ—ભૈરવી–ત્રિતાલી )

પ્રભુના મંદિર ખોલો, પૂજારી ! પ્રભુના મંદિર ખોલો !

Open Temple's doors oh'
Pujari ! open Temple's doors oh.

ભવ અટવીએ ભૂલો પડેલો, આવી મુસાફર ઉભેલો !—પૂજારી.

In Life's wood I having lost way,
Have come to this place oh—Pujari.

નામ નિરંતર રટણ તિહારે, આવી દ્વાર ઉભેલો !—પૂજારી.

Daily I worshipping by name,
How come to this place oh—Pujari.

રજની ગઈ ને ભાનૂ પ્રકાશ્યો ! દરશન થાય ભરેલો !—પૂજારી.

Night has passed and sun Shining is,
Yearn I to see Him oh—Pujari.

દુઃખીના દિલાસા દીનદયાળુ, એક વખત તો બોલો !—પૂજારી.

Suffers solace, prophet of poor,
Once have talk with me oh—Pujari.

"વૈરાટી" ભવવન રખડીને ! આવી ઊભો થાકેલો !—પૂજારી.

"Vairati" wondered has too much,
Exhausted comes to Thee oh—Pujari.

રચયિતા—ઝવેરી મૂલચંદ આશારામ વૈરાટી.

---

૧ અંગ્રેજી અને ગુજરાતી એકજ રાગમાં ગવાશે.
૨ અંગ્રેજી "મસ્ત" ના સહકારથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

**શ્રી શત્રુંજય તીર્થ ઉપર મ્હોટી ટુંકમાં શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની સપ્ત ધાતુમય સુંદર મૂર્તિની આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની અધ્યક્ષતા નીચે થયેલી પ્રતિષ્ઠા.**

( ચૈત્ર વદી ૧ તા. ૨૨-૪-૧૯૫૧ )

શ્રી શત્રુંજય તીર્થ ઉપર શ્રી આદિનાથ પ્રભુ જ્યાં બિરાજમાન છે, ત્યાં મ્હોટી ટુંકમાં મંડપમાં જૈનાચાર્ય **શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની** મૂર્તિ સં. ૧૯૫૩ ની સાલમાં મુર્શિદાબાદ-નિવાસી રાયબહાદૂર બુદ્ધસિંહજી રાયવિસનચંદજીની માતાજીએ સિદ્ધગિરિ ઉપર એક દેરી બનાવી બિરાજમાન કરી હતી, જેનાં ઉપર અસલ નીચે પ્રમાણે લેખ હતો.

**અસલ મૂર્તિની પ્રતિષ્ઠાનો લેખ.**

**श्री अर्हम्**

**संवत १९५३ ना वर्षे आषाडशुक्ला १० दिने श्री आत्मारामजी महाराज की मूर्त्ति स्थापित मुनिराज श्री हंसविजयजी की तरफ से करायेल प्रेरणा से और प्रवर्तकजी महाराजश्री कान्तिविजयजी का उपदेश से मुरसिदाबादनिवासी बाबुसाहेब रायबुधसिंहजीराय विसनचन्दजी बहादुर की माजी साहबकी तरफ से।**

એ મૂર્તિ ગમે તે કારણે ખંડિત થઇ જવાથી સપ્તધાતુની એક મૂર્તિ શ્રી પંજાબ જૈન સંઘે સુંદર બનાવી સં. ૨૦૦૭ ચૈત્ર વદી ૧ નાં રોજ શુભ મુહૂર્તે ઉછામણીમાં છેવટે રૂા. ૯૨૧) માં લાલા પ્યારેલાલ અંબાલા-પંજાબવાળાને આદેશ મળતાં તેઓએ સવારના ૭-૪૫ મીનીટે મૂર્તિ પધરાવી હતી.

---

**અઠ્ઠાઇ મહોત્સવ.**

વરસીતપના પારણા નિમિત્તે અઠ્ઠાઇ મહોત્સવ, ભાગવતી દીક્ષાઓ, શ્રી સિદ્ધાચળજીની યાત્રા, પરમાત્માના દર્શન અને વૃષભ સંક્રાંતિ સંભળાવતા આચાર્ય મહારાજે તે સંબંધી આપેલું સુંદર ભાષણ.



**પાલીતાણા**—પૂજ્ય આચાર્ય ભગવાન શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં વૈશાખ સુ. ૧ થી ૮ સુધી સાધ્વીજી આઠના વર્ષીતપના પારણા નિમિતે અઠ્ઠાઇ મહોત્સવ પંજાબી ધર્મશાલામાં કરવામાં આવ્યો હતો અને સુદ ૬-૭-૮ ત્રણ દિવસ સુન્દર રાગ-રાગણીથી પૂજા ભણાવી હતી તેમજ રાતના સેકડોની સંખ્યામાં પંજાબી બહેનોએ ભાવનામાં રાગ-રાગણીથી સારો લાભ લીધો હતો.

વૈશાખ સુદ ૭ ના રોજે સવારના સવા નવ વાગે આચાર્ય ભગવાનની અધ્યક્ષતામાં મુનિશ્રી નંદનવિજયજીને વડી દીક્ષા આપી મુનિ શ્રી પ્રકાશવિજયના શિષ્ય તરીકે જાહેર કર્યા હતા. ત્યારબાદ મહિદપુરની એક શ્રાવિકા રતનબહેનને ભાગવતી દીક્ષા આપી સાધ્વીશ્રી જિનેન્દ્રશ્રીની શિષ્યા તરિકે જાહેર કરી છે. તેજ વખતે આચાર્ય ભગવાનની અધ્યક્ષતામાં પ્રસિદ્ધ વક્તા કાન્તિસાગરજી મહારાજે આજની દુનીઆનું વાતાવરણ સંભલાવી સમાજને જાગ્રત થવા પ્રવચન કર્યું હતું. ત્યારબાદ પં. શ્રી રામવિજયજી મહારાજે સુન્દર સ્તવન સંભળાવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ તીર્થાધિરાજ શ્રીઆદિનાથાય નમઃ ॥

# શ્રીશત્રુંજય તીર્થની પુનિત છાયામાં સિદ્ધક્ષેત્ર પાલીતાણામાં વિરાજમાન શ્રી શ્રમણસંઘે કરેલ નિર્ણયો.

मंगलं भगवान् वीरो मंगलं गौतमप्रभुः । मंगलं स्थूलिभद्राद्या जैनधर्मोऽस्तु मंगलम् ॥

શ્રી સિદ્ધક્ષેત્ર પાલીતાણામાં વિરાજમાન સમસ્ત જૈન શ્વેતાંબર શ્રમણસંઘ વિ. સં. ૨૦૦૭ વૈશાખ શુદિ ૬ શનિવારથી વૈ. શુ. ૧૦ બુધવાર સુધી રોજ બપોરે બાબુ પન્નાલાલની ધર્મશાળામાં મળી, વિ. સં. ૧૯૯૦ માં રાજનગરમાં ભરાએલ અખિલ ભારતવર્ષીય શ્રી જૈન શ્વેતામ્બર મુનિ સમ્મેલને કરેલ "ધર્મમાં બાધાકારી રાજસત્તાના પ્રવેશને આ સમ્મેલન અયોગ્ય માને છે" એ ૧૧ મા નિર્ણય ઉપર પૂર્વાપર વિચારણા કરી, સર્વાનુમતે નીચે મુજબ નિર્ણય કરે છે.

૧ આ શ્રમણસંઘ માને છે કે-આજની સરકાર ધર્માદા ટ્રસ્ટબીલ, ભિક્ષાબંધી, મધ્યભારત દીક્ષા નિયમન, મંદિરમાં હરિજનપ્રવેશ અને બિહાર રીલીજીઅસ એક્ટ વિગેરે નિયમો ઘડી ધર્મમાં અનુચિત હસ્તક્ષેપ કરે છે તે ઠીક નથી. તેમ કરવાનો સરકારને કોઇ અધિકાર નથી. વિદેશી સરકાર હતી ત્યારે પણ જે હસ્તક્ષેપ થયો ન હતો તે ભારતીય સરકાર તરફથી થાય એ ખુબ જ અનિચ્છનીય વસ્તુ છે.

૨ આ શ્રમણસંઘ માને છે કે, વિ. સં. ૧૯૯૦ માં મુનિ સમ્મેલને પટ્ટકરૂપે જે નિર્ણયો

---

સભાજનોને ખુશ કર્યા હતા, ત્યારબાદ પં. શ્રી કનકવિજયજી મહારાજે સુન્દર શબ્દોમાં જૈનસમાજ પાછલ ન રહે તે ઉપર પોતાનું વકતવ્ય રજૂ કર્યું હતું. ત્યારબાદ મુનિશ્રી **જનકવિજયજીએ** સંપના ઉપર સુંદર ભાષણ કર્યું હતું. ત્યારબાદ આચાર્યશ્રી **હિમાચલસૂરિજીએ** પાલીતાણાની પરિસ્થિતિ દિવસે દિવસે બગડતી હોવાને કારણે સુધારવા ભલામણ કરી બાદ આચાર્ય ભગવાને મંગલિક સંભલાવી સભા વિસર્જન થઇ હતી.

વૈ. સુદ ૮ ના પ્રાતઃકાલે આ. ભ. શ્રી સિદ્ધાચલજીની યાત્રાર્થે પંજાબી, ગુજરાતી તથા બીકાનેરના ભાઇઓ સાથે ઉપર પધાર્યા હતા. ત્યાં યાત્રા કરી દાદાના દરબારમાં આત્મારામજી મહારાજની દહેરીની પાસે વૃષભની સંક્રાન્તી સંભલાવી હતી. અને ટૂંકામાં સુન્દર શબ્દોથી પોતાનું વક્તવ્ય સમાપ્ત કરી દરેકને વાસક્ષેપ આપ્યો હતો. ત્યારબાદ દાદાજીની યાત્રા કરી નીચે ઉતર્યા હતા.

---

## શ્રી જૈન આત્માનંદ સભાના નવા જ્ઞાનમંદિરના મકાનમાં થયેલી કુંભ સ્થાપના.

ભાવનગર શ્રી જૈન આત્માનંદ સભાના મકાનની લગોલગ **જ્ઞાનમંદિર** માટેનું નવેસરથી ફાયર પ્રુફ એક નવું મકાન તૈયાર કરવામાં આવેલ છે. આ મંદિરના ત્રીજા માળના હોલ સાથે શેઠ **મોહનલાલભાઇ તારાચંદ ત્રીજા માળના હોલને તેઓ સાહેબે કરેલી ઉદારતાવડે "શેઠ મોહનલાલ તારાચંદ જે. પી. સાહિત્ય હોલ"** રાખવાનું નક્કી કરવામાં આવેલ છે. હાલ હોલ ઉપર ઉપરોક્ત તકતી જડવામાં આવી છે અને તેના નામાભિધાન માટે એક મેળાવડો હવે કરવામાં આવશે.

આ તૈયાર થયેલ મકાનમાં શુભ મુહૂર્તે કુંભ સ્થાપન કરવાની ક્રિયા વૈશાક શુદિ ૧૧ ગુરૂવારે સવારના રાખવામાં આવી હતી, અને મહાલક્ષ્મી મીલવાળા દાનવીર શેઠ ભોગીલાલભાઇ મગનલાલના સુપુત્ર શેઠ **રમણિકલાલની** સુપુત્રી કુમારિકા બેન **પ્રજ્ઞાલક્ષ્મીના** હસ્તે જ્ઞાનમંદિરના હોલમાં મંગળ સ્ત્રોચ્ચાર વચ્ચે કુંભસ્થાપન વિધિપૂર્વક કરવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તૈયાર કર્યા છે તેના છેલ્લા ચાર *ઠરાવોને વિશેષ અમલમાં લાવવા માટે જૈન શ્રમણ સંઘના આગેવાન વિચારક આચાર્યો તથા મુનિવરોના સમ્મેલનની તુરત અગત્ય છે, તો અમદાવાદ, પાનસર, પાલીતાણા કે યોગ્ય સ્થાનમાં તુરતમાં મળે એવો સક્રિય પ્રયત્ન કરવો જોઇએ.

૩ આ શ્રમણ સંઘ માને છે કે,-જૈનોની જે જે સંસ્થાઓ, સાત ક્ષેત્રો, ધર્મસ્થાનો, દેરાસરો અને ઉપાશ્રય વિગેરે છે તે દરેક પોતપોતાના અધિકાર મુજબ શ્રમણપ્રધાન ચતુર્વિધિ સંઘના માલિકીના છે, તેના વહીવટદારો તે શ્રમણ, સંઘના શાસ્ત્રીય આદેશ પ્રમાણે કામ કરનાર સેવાભાવી સદ્‌ગૃહસ્થો છે. વહીવટદારોને શાસ્ત્રાજ્ઞા તથા સંઘની મર્યાદાને બાધક આવે એવું કંઇ પણ કરવાનો હક્ક નથી. તેમજ સરકારને પણ સંઘનો હક્ક ઉઠાવી વહીવટદારોને જ તે સંસ્થાઓના સીધા માલીક માની તે દ્વારા પોતાનો હક્ક જમાવવાની જરૂર નથી, છતાંય વહીવટદારો કે સરકાર એવું અનુચિત પગલું ભરે તો તેઓને તેમ કરતા રોકવા માટે પોતાના અધિકાર મુજબ સક્રિય પ્રયત્ન કરવો.

૪ આ શ્રમણ સંઘ માને છે કે, જે જે આચાર્યાદિ પૂજ્ય મુનિવરો અહિં હાજર નથી અથવા બહાર છે તેઓને ઉપરના નિર્ણયો જણાવી સહકાર આપવા વિનંતિ કરવી. દરેક સ્થાને ચતુર્વિધ સંઘને જાગૃત કરવો અને ધાર્મિક સ્વતંત્રતા જળવાય તે અંગે દરેક પ્રયત્નો કરવા.

૫ આ શ્રમણસંઘ માને છે કે, અહિં હાજર રહેલા મુનિવરો બહારગામ રહેલા પોતાના આચાર્યાદિ વડિલોને આ નિર્ણયથી વખતસર વાકેફગાર કરીને આ નિર્ણયને વેગ મળે તેવી સમ્મતિ મેળવી આપશે.

૬ આ શ્રમણસંઘ ચાહે છે કે-બહાર રહેલ પૂજ્ય આચાર્યાદિ મુનિવરોને ઉપરોક્ત નિર્ણયો મોકલવા અને તેઓશ્રી આને અંગે જે માર્ગદર્શન આપે કે નિર્ણયમાં યોગ્ય સુધારોવધારો સૂચવે તેને સ્વીકારવા ઘટતું કરવું.

નોટ—*૮ **શ્રાવકોન્નતિ**-શ્રાવક-શ્રાવિકાએ, ધન-ધાન્ય-વસ્ત્ર-આભૂષણાદિ સર્વ યોગ્ય વસ્તુથી ધર્મની ઉન્નતિ અને સ્થિરતાને અનુલક્ષીને શ્રાવક-શ્રાવિકાની દ્રવ્યભક્તિ તથા શ્રી વીતરાગદેવ, સાધુ અને ધર્મ પ્રત્યે લાગણીવાળા બનાવવારૂપ ભાવભક્તિ કરવી, એ બાબતમાં સાધુઓ ઉપદેશ આપી શકે છે.

**૯ પરસ્પર સંપની વૃદ્ધિ**—૧ કોઇપણ સાધુ સાધ્વી કે તેના સમુદાયના અવર્ણવાદ બોલવા નહિ. ૨ પરસ્પર અપેક્ષાવાળા લેખો લખવા કે લખાવવા નહિ તથા વ્યાખ્યાનમાં પણ આક્ષેપ કરવા નહિ. ૩ કોઇનો કોઇ જાતનો દોષ જણાય તો તેમને મળીને સુધારો કરવા પ્રેરણા કરવી અને તેમણે પણ તે દોષ સુધારવા પ્રયત્ન કરવો. ૪ લોકોમાં ભિન્નતા ન દેખાય તેમ પરસ્પર ઉચિતતાએ વર્તવું.

**૧૦ ધર્મ ઉપર થતા આક્ષેપોને અંગે**—૧ આપણા પરમપવિત્ર પૂજ્ય શાસ્ત્રો તથા તીર્થાદિ ઉપર થતા આક્ષેપોના સમાધાનને અંગે (૧) આચાર્ય મહારાજ શ્રીમત્ સાગરાનંદસૂરિજી, (૨) આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરિજી (૩) પંન્યાસજી મહારાજ શ્રી લાવણ્યવિજયજી, (૪) મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી અને (૫) મુનિરાજ શ્રી દર્શનવિજયજીની મંડળી નીમી છે. તે મંડળીએ તે કાર્ય, નિયમાવલી તૈયાર કરી શરૂ કરવું અને બીજા સર્વ સાધુઓએ એ બાબતમાં યોગ્ય મદદ કરવી તેમજ એ મંડળીએ જોઇતી સહાય આપવા શ્રાવકોને પણ પ્રેરણા અને ઉપદેશ આપવો.

**૧૧ ધર્મમાં રાજસત્તાના પ્રવેશ સંબંધી**—૧ ધર્મમાં બાધાકારી રાજસત્તાના પ્રવેશને આ સંમેલન અયોગ્ય માને છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭ આ શ્રમણસંઘ ઉપરના નિર્ણયોને અમલમાં લાવવા, સરકાર, સંસ્થાઓ અને વહીવટદારો સાથે યોગ્ય વાતચીત કરવા, ઉચિત પત્રવ્યવહાર કરવા, જરૂરી જાહેરાતો કરવા અને યોગ્ય શ્રાવકોને બોલાવવા કે મોકલવા વિગેરે કાર્યોમાટે—

**૧ પૂ. આ. મ. શ્રી વિજયવલ્લભસૂરિજી**
**૨ પૂ. આ. મ. શ્રી કીર્ત્તિસાગરસૂરિજી**
**૩ પૂ. આ. મ. શ્રી વિજયમહેન્દ્રસૂરિજી**
**૪ પૂ. આ. મ. શ્રી વિજયહિમાચલસૂરિજી**
**૫ પૂ. આ. મ. શ્રી ભુવનતિલકસૂરિજી**
**૬ પૂ. આ. મ. શ્રી ચંદ્રસાગરસૂરિજીને**

સંપૂર્ણ સત્તા આપે છે. અને તેઓ આમાં બીજાં નામો પણ ઉમેરી શકે છે.

## શ્રમણ સંઘમાં હાજર રહેલ મુનિવરોની નામાવલી

**પંજાબી જૈન ધર્મશાળા**:-પૂ. આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ. પં. શ્રી સમુદ્રવિજયજી-પં. શ્રી પૂર્ણાનંદવિજયજી-મુનિ શ્રી વિચારવિજયજી-મુનિ શ્રી શિવવિજયજી-મુનિ શ્રી વિશુદ્ધવિજયજી-મુનિ શ્રી ઇંદ્રવિજયજી-મુનિ શ્રી વિશારદવિજયજી-મુનિ શ્રી જનકવિજયજી-મુનિ શ્રી પ્રકાશવિજયજી-મુનિ શ્રી બલવંતવિજયજી-મુનિ શ્રી જયવિજયજી-મુનિ શ્રી વસંતવિજયજી-મુનિ શ્રી ન્યાયવિજયજી-મુનિ શ્રી પ્રીતિવિજયજી-મુનિ શ્રી હેમવિજયજી-મુનિ શ્રી હિમ્મતવિજયજી-મુનિ શ્રી હ્રીંકારવિજયજી મુનિ શ્રી નંદનવિજયજી.

**સાહિત્ય મંદિર**:—પૂ. આચાર્ય શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી મ.-પં. શ્રી મહોદયસાગરજી-મુનિ શ્રી સૂર્યસાગરજી-મુનિ શ્રી સુભદ્રસાગરજી-મુનિ શ્રી સુબોધસાગરજી-મુનિ શ્રી ગુલાબસાગરજી-મુનિ શ્રી પ્રીતિસાગરજી-મુનિ શ્રી મનહરસાગરજી-મુનિ શ્રી જસવંતસાગરજી-મુનિ શ્રી મુક્તિસાગરજી-મુનિ શ્રી વિનયપ્રભસાગરજી.

**ઉજમ ફઈની ધર્મશાળા**:—પૂ. આચાર્ય શ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી-મુનિ શ્રી શ્રીકાંતવિજયજી-મુનિ શ્રી ત્રૈલોક્યવિજયજી-મુનિ શ્રી પ્રવિણવિજયજી.

**કંકુબાઇની ધર્મશાળા**:—પૂ. આચાર્ય શ્રી વિજયહિમાચલસૂરીશ્વરજી મ.-મુનિ શ્રી ભવ્યાનંદવિજયજી-મુનિ શ્રી લક્ષ્મીવિજયજી-મુનિ શ્રી મનકવિજયજી-મુનિ શ્રી રત્નાકર વિજયજી-મુનિ શ્રી માણેકવિજયજી-મુનિ શ્રી કેશવાનંદવિજયજી-મુનિ શ્રી ઇન્દ્રવિજયજી-મુનિ શ્રી સંપતવિજયજી-મુનિ શ્રી પરમાનંદવિજયજી.

**મહાજનના-વંડામાં શાંતિભુવન**:-પૂ. આચાર્ય શ્રી વિજયભુવનતિલકસૂરીશ્વરજી મ.-મુનિ શ્રી સુરેન્દ્રવિજયજી-મુનિ શ્રી મહોદયવિજયજી-મુનિ શ્રી પ્રભાવવિજયજી-મુનિ શ્રી કૈલાસવિજયજી-મુનિ શ્રી ભદ્રંકરવિજયજી-મુનિ શ્રીઅરૂણપ્રભવિજયજી-મુનિ શ્રીઅશોકવિજયજી-મુનિ શ્રી અભયવિજયજી-મુનિ શ્રી હેમપ્રભવિજયજી-મુનિ શ્રી પુણ્યવિજયજી-મુનિ શ્રી પદ્મપ્રભવિજયજી.

**ગોઘાવાળી ધર્મશાળા**—પૂ. આચાર્ય શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મ., ઉ. શ્રી દેવેન્દ્રસાગરજી-પં. શ્રી હીરસાગરજી-મુનિ શ્રી શાંતિવિજયજી-મુનિ શ્રી જ્ઞાનસાગરજી-મુનિ શ્રી સુબોધસાગરજી-મુનિ શ્રી ધર્મસાગરજી-મુનિ શ્રી દર્શનસાગરજી-મુનિ શ્રી ન્યાયસાગરજી-મુનિશ્રી હંસસાગરજી-મુનિ શ્રી સૂર્યોદયસાગરજી-મુનિ શ્રી ચંદનસાગરજી-મુનિ શ્રી પ્રબોધસાગરજી-મુનિ શ્રી અભયસાગરજી-મુનિ શ્રી શાંતિસાગરજી-મુનિ શ્રી અરૂણોદયસાગરજી-મુનિ શ્રી મુનીન્દ્રસાગરજી-મુનિ શ્રી નરેન્દ્ર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાગરજી–મુનિ શ્રી રૈવતસાગરજી–મુનિ શ્રી હિમાંશુસાગરજી–મુનિ શ્રી અમૂલ્યસાગરજી–મુનિ શ્રી લલિતાંગસાગરજી–મુનિશ્રી જિતેન્દ્રસાગરજી–મુનિ શ્રીચંદ્રકાન્તસાગજી–મુનિ શ્રી ચંદ્રપ્રભસાગર–મુનિશ્રી મનકસાગરજી–મુનિશ્રી પ્રમોદસાગરજી–મુનિશ્રી નરેશસાગરજી–મુનિ શ્રી નંદનસાગરજી–મુનિશ્રી અભ્યુદયસાગરજી–મુનિ શ્રી મહાનંદસાગરજી–મુનિશ્રી નંદિવર્ધનસાગરજી–મુનિશ્રી જયઘોષસાગરજી.

**શાંતિ ભુવન:**–પૂ. પં. શ્રી મેરૂવિજયજી ગણિ–મુનિશ્રી ચારિત્રવિજયજી–મુનિશ્રી નયનવિજયજી–મુનિશ્રી શાંતિવિજયજી–મુનિશ્રી કરૂણાવિજયજી–મુનિશ્રી પુંડરીકવિજયજી–મુનિશ્રી આનંદવિજયજી–મુનિશ્રી કેસરવિજયજી.

**આરિસા ભુવન:**–પં. શ્રી ચરણવિજયજી ગણિ–મુનિશ્રી સુધર્મવિજયજી–મુનિ વિશુદ્ધવિજયજી, મુનિ મહાયશવિજયજી.

**જીવન નિવાસ:**—પં. શ્રી રામવિજયજી ગણિ–મુનિ શ્રી કંચનવિજયજી, [ આ. શ્રીવિજય નીતિસૂરીશ્વરજીના સમુદાયના. ]

**ખુશાલ ભુવન:**—પં. શ્રી સુમતિવિજયજી ગણિ–મુનિ શ્રી મતિવિજયજી.

**શાંતિ ભુવન**—પં. શ્રી ભકિતવિજયજી, ગણિ–મુનિ શ્રી ગુણવિજયજી–મુનિશ્રી લાભવિજયજી, મુનિશ્રી લક્ષ્મીવિજયજી, મુનિ, શ્રી ત્રિલોચનવિજયજી, મુનિશ્રી કંચનવિજયજી,મુનિ શ્રી પ્રવીણવિજયજી.

**મોતીકડીયાની મેડી:**—પં. શ્રી રામવિજયજી ગણિ, મુનિ શ્રી શાંતિવિજયજી, [ દાદા શ્રી ખાંતિવિજયજી મ. ના સમુદાયના. ]

**ખુશાલ ભુવન**:—પં. શ્રી કનકવિજયજી ગણિ–મુનિશ્રી સુબુદ્ધિવિજયજી, મુનિશ્રી મહિમાવિજયજી. મુનિશ્રી ચંદ્રપ્રભવિજયજી.

**કોટાવાલાની ધર્મશાળા:**–પૂ. પં. કાંતિવિજયજી, મુનિશ્રી રત્નાકરવિજયજી, મુનિ શ્રી મહાનંદવિજયજી, મુનિ શ્રી ચરણકાંતવિજયજી, મુનિશ્રી હિમાંશુવિજયજી, મુનિશ્રી નરરત્નવિજયજી, મુનિશ્રી પ્રવીણવિજયજી, પં. શ્રી ભદ્રંકરવિજયજી, ગણિ. મુનિશ્રી હર્ષવિજયજી, મુનિ શ્રી ચંદ્રાનનવિજયજી, મુનિ શ્રી મહાભદ્રવિજયજી, મુનિશ્રી ચંદ્રયશવિજયજી, મુનિશ્રી કલ્યાણપ્રભવિજયજી, મુનિ શ્રી જિનભદ્રવિજયજી, મુનિ શ્રી પુંડરીકવિજયજી.

**અમરચંદ જસરાજની ધર્મશાળા:**–પૂ. મુનિ શ્રી અમરવિજયજી, મ. [ દાદાશ્રી કેવળવિજયજી, મ. ના શિષ્ય ] મુનિ શ્રી મનહરવિજીયજી [ પૂ. કપુરવિજયજી મ. ના શિષ્ય ] મુનિ શ્રી નંદનવિજયજી, [આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજીના શિષ્ય ]

**કોટાવાળી ધર્મશાળા:**–પૂ. મુનિ શ્રી દર્શનવિજયજી, [ ત્રિપુટી ] મુનિ શ્રી જ્ઞાનવિજયજી. [ ત્રિપુટી ] મુનિ શ્રી લક્ષ્મીભદ્રવિજયજી, મુનિ-શ્રી નીતિવિજયજી.

**જૈન ભોજનશાળા:**—પૂ. મુનિ શ્રી મણિવિજયજી મ. [ પૂ. શ્રી ગુલાબવિજયજી દાદાના શિષ્ય ]

**ઘોઘાવાળી ધર્મશાળા:**–મુનિ શ્રી જસવિજયજી [ આ. કલ્યાણસૂરિના શિષ્ય ] મુનિ શ્રી જયંતમુનિજી, [ પં. શ્રી હીરવિજયજીના શિષ્ય ] મુનિશ્રી મેરુવિજયજી [ શ્રી વિ. ધનેશ્વરસૂરિજીના શિષ્ય ] મુનિશ્રી માનવિજયજી [ શ્રી વિ. ભકિતસૂરિજીના શિષ્ય ]

**રણશી દેવરાજની ધર્મશાળા:**—પૂ. આ. શ્રી જિનહરિસાગરસૂરિના શિષ્ય મુનિશ્રી હેમેન્દ્રસાગરજી, પ્રસિદ્ધવક્તા મુનિશ્રી કાન્તિસાગરજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શાંતિભુવનઃ**–મુનિ શ્રી ચિદાનંદવિજયજી, મુનિશ્રી પ્રિયંકરવિજયજી, મુનિ શ્રી કૌસ્તુભવિજયજી, [ આ. શ્રી જંબૂસૂરિજીના શિષ્યો ]

**સાહિત્ય મંદિરઃ**–મુનિ શ્રી જયંતવિજયજી, શ્રી મહાનંદવિજયજી [ શ્રી મોહનસૂરિજીના સમુદાયના ]

લી.

**શ્રી પાલીતાણા સ્થિત સમસ્ત શ્રમણસંઘવતી આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મ. ની આજ્ઞાથી પં. સમુદ્રવિજય**

આ૦ કીર્તિસાગરસૂરિ દઃ પોતે
આ૦ વિ૦ મહેન્દ્રસૂરિ દઃ પોતે
આ૦ વિ૦ હિમાચલસૂરિ દઃ પોતે
આ૦ વિ૦ ભુવનતિલકસૂરિ દઃ પોતે
આ૦ ચંદ્રસાગરસૂરિ દઃ પોતે

સ્થળ
**બાબુ પન્નાલાલની ધર્મશાળા**
**વિ. સં. ૨૦૦૭ વૈ. શુ. ૧૦ બુધ.**
તા. ૧૬–૫–૫૧
ભગવાન શ્રી મહાવીર કેવલજ્ઞાન કલ્યાણક:

પત્રવ્યવહાર
**આચાર્ય મ. શ્રી વિજયવલ્લભસૂરિશ્વરજી**
મહારાજ
ઠે. પંજાબી જૈન ધર્મશાલા.
પાલીતાણા ( સૌરાષ્ટ્ર ).

---

પાલીતાણામાં વિરાજમાન શ્રી શ્રમણસંઘે કરેલ નિર્ણયો શ્રી જૈન સંઘના પાલીતાણા બહાર વિરાજમાન પ્રતિષ્ઠિત શાસનહિતૈષી પૂ૦ આચાર્યવર્યો આદિને મોકલ્યા હતા, જેઓશ્રી તરફથી શ્રી શ્રમણસંઘના આ કાર્યને પત્રો દ્વારા પણ સુંદર શબ્દોમાં હાર્દિક આવકાર મળ્યો છે, મુનિસંમેલન જલ્દી ભરાય તે માટે પત્રવ્યવહાર આદિ પ્રયત્નો ચાલુ છે, અને પબ્લિક ટ્રસ્ટ એકટ આદિ રાજકીય કાયદાઓ અંગે પણ શેઠ આ. ક. ની પેઢી આદિ સાથે પત્રવ્યવહાર ચાલુ છે.

આજ સુધીમાં આચાર્ય શ્રી વિજયદર્શનસૂરીશ્વરજી, શ્રી ઉદયસૂરીશ્વરજી, શ્રી નંદનસૂરિજી–અમદાવાદ, આ. શ્રી વિજયહર્ષસૂરિજી, અમદાવાદ આ. શ્રી ઋદ્ધિસાગરસૂરિજી–અમદાવાદ, આ. શ્રી માણિક્યસાગરસૂરિજી–બુહારી, આ. શ્રી વિજયકુમુદસૂરિજી–સાલડી, આ. શ્રી વિજયભક્તિસૂરિજી–વીરમગામ, આ. શ્રી વિજયભદ્રસૂરિજી–જુના ડીસા, આ. શ્રી વિજયલાભસૂરિજી–મીયાગામ, આ. શ્રી વિજયરામસૂરિજી–પાટણ, આ. શ્રી જિનઋદ્ધિસૂરિજી–મુંબાઇ, વીરપુત્ર આ. શ્રી આણંદસાગરસૂરિજી–શૈલાણા, આ. શ્રી જિનરત્નસૂરિજી, પં. શ્રી બુદ્ધિસાગરગણિજી–આહોર, પં. દાનસાગરગણી, શ્રી કાંતિવિજયજી, લલિતમુનિ, લબ્ધિસાગરજી, તથા શ્રી ભુવનમુનિ–જામનગર વગેરે આચાર્યો તથા મુનિવરોના પત્ર આવ્યા છે.

**પંજાબી ધર્મશાલા–પાલીતાણા**
તા. ૧૧–૬–૫૧,

પાલીતાણા
પંજાબી ધર્મશાલા
વિ. સં. ૨૦૦૭ જે. સુ. ૬.
સોમવાર

**લી. શ્રમણસંઘની વતી**
**આ. શ્રી વિજયવલ્લભસૂરિજીમ. ની આજ્ઞાથી**
**દઃ પં. સમુદ્રવિજય**
**દઃ મુનિ દર્શનવિજયના ધર્મલાભ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પવિત્ર શ્રી ગિરનારજી તીર્થમાં જૈન કોન્ફરન્સનું મળેલુ અને સફળ થયેલું અઢારમું અધિવેશન.

( વૈશાખ વદી ૭–૮ તા. ૨૭–૨૮મી મે, ૧૯૫૧ ).

ભવિતવ્યતાના યોગે મુલતવી રહેલું ૧૮ મું **અધિવેશન** તેના કાર્યવાહકો( પ્રમુખ શ્રી, સેક્રેટરીઓ )ની સાચી સેવાવડે ગયા વૈશાક વદી ૭–૮ ના રોજ ( મહિલા પરિષદ્ અને ભારતીય સ્વયંસેવક પરિષદ સાથે ) સફળતાપૂર્વક રૂા. ૪૫) હજાર મધ્યમ વર્ગના ઉદ્ધાર માટેના થયેલા ફંડ સાથે આનંદપૂર્વક નિર્વિઘ્ને મળી ગયું છે.

શાસ્ત્રકાર મહારાજે સુકૃતની લક્ષ્મીનો સદ્ઉપયોગ સાત ક્ષેત્રોમાં કરવાનું ફરમાન કરેલું છે અને જે સમયે સાત ક્ષેત્રમાંથી જે ક્ષેત્ર સીદાતું હોય તેને પ્રલ્લવિત કરવા તે તરફ મુખ્ય–પ્રથમ લક્ષ્ય આપવું એમ પણ ફરમાન છે. શ્રાવક શ્રાવિકા ક્ષેત્રને તો સીદાવા ન જ દેવું જોઈએ કારણ કે સાતે ક્ષેત્રને ઉજ્વલ, પલ્લવિત, સંરક્ષણ કરવાની એ બંને ક્ષેત્રોની ખાસ ફરજ અને કર્તવ્ય છે. આજે અશુભ કર્મના ઉદયે મધ્યમવર્ગ અન્ન, વસ્ત્ર, કુટુંબ–પોષણ વગેરે માટે એટલો બધો પીસાય છે તેવા કપરા સંયોગોમાં આપણા જૈન સમાજના મધ્યમવર્ગ માટેનો સવાલ શ્રી જૈન કોન્ફરન્સ અને તેના મુખ્ય કાર્યવાહકોએ કોન્ફરન્સ દ્વારા ઉપાડી લીધો છે તેથી અમે તે પ્રમુખશ્રી, સેક્રેટરીઓને ધન્યવાદ આપ્યા સિવાય રહી શકતા નથી.

તેમજ જુનાગઢ અધિવેસન ભરવાની પ્રથમ કરેલી તૈયારી મુલતવી રહી છતાં કાર્યવાહકોએ ફરી ત્યાં જ ભરવા માટે જુનાગઢના જૈન સંઘના સહકારવડે કરેલો પ્રયત્ન તેમજ સ્વાગત પ્રમુખશ્રી દાનવીર શેઠ પુરૂષોતમદાસ સુરચંદ ધ્રાંગધ્રાનિવાસીની હિંમત, અને અડગ નિશ્ચય, અને પ્રશંસ યુક્ત પ્રયત્ન, અને પ્રચાર વગેરેવડે તથા આમંત્રણા માટેના પ્રવાસ કરવાથી કોન્ફરન્સની જે સેવા તેઓએ કરી છે તે માટે અને સહકાર આપનારને અમે ધન્યવાદ આપ્યા સિવાય રહી શકતા નથી.

ઘણા વખતથી જૈન કોન્ફરન્સનું કાર્ય અને અધિવેશન મુલતવી રહેલું હતું. જે ઠરાવો નહિ પુચ્છવા યોગ્ય અયોગ્ય હતા તે ફાલના મુકામે પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી **વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની** નિશ્રામાં તે ઠરાવ કોન્ફરન્સે રદ કર્યા, ખેંચી લીધા જેથી મતભેદો દૂર કરી નાંખ્યા હતા. એક તો મહાન આચાર્ય, બીજું શેઠ આણંદજી કલ્યાણજી શ્રી તીર્થરક્ષક કમીટીના માનવંતા પ્રમુખ, મહાન ઉદ્યોગપતિ, દેવગુરુધર્મના પરમ આરાધક પુણ્યપ્રભાવક પુરુષ **શેઠ કસ્તુરભાઈ લાલભાઇ** હાથે ( બંને અધિવેશનમાં ) થયેલું ઉદ્ઘાટન, દાનવીર, પરમ શ્રદ્ધાળુ, કેળવણીના ઉપાસક, જૈન બંધુઓની ઉચ્ચ સ્થિતિ માટે જેનું નિરંતર રટણ, દાનપ્રવાહ ચાલુ છે તેવા **શેઠ સાહેબ કાન્તિલાલભાઇ ઇશ્વરલાલ** અઢારમા અધિવેશનના પ્રમુખ, સેક્રેટરીઓ શેઠ **ફુલચંદ શામજી, ભાઈચંદભાઇ** નગીનદાસ ઝવેરીના અતિપરિશ્રમવડે ફાલના અને જુનાગઢ ( ૧૮ મા અધિવેશન પહેલાં ) ગામેગામ પ્રચાર માટે ફરી ઘણી જહેમત ઉઠાવી છે. મનુષ્ય સારૂં કે સેવાનું કામ કરે ત્યારે વિઘ્નો ( શ્રેયાંસિ બહુવિઘ્નાનિ કહેવત પ્રમાણે ) આવે પરંતુ સાચી સેવા કરનારનું કાર્ય છેવટે વિઘ્નોને વટાવી સફળ થાય છે તેમ પણ આ અધિવેશનમાં બન્યું છે.

ભારતની સઘળી કોમની જેમ જૈન સમાજનો મધ્યમવર્ગ પણ પીસાઇ રહેલ છે એટલે આવા કપરા સંયોગોમાં જૈન કોન્ફરન્સે જૈન સમાજની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મધ્યમવર્ગની રાહત માટે ઉપાડેલ આ કાર્ય સમયસરનું જ છે. આખા ભારતના ઘણા શહેરો-ગામોમાં જૈનો વસે છે, તેને એક વ્યક્તિ કરોડાધિપતિ હોય તો પણ બધાને રાહત આપી શકે નહિં પરંતુ જૈન કોન્ફરન્સ જેવી ભારતની મુખ્ય અને મહાન સંસ્થા જ આ સવાલ ઉપાડી શકે, વ્યવસ્થા તથા પ્રચાર કરી શકે, લાખો રૂપીયાના ફંડો કરી શકે, તેની વ્યવસ્થાપૂર્વક યોજના કરી દરેક પ્રાંતોમાં તેને લગતી વ્યવસ્થા કરી શકે છે જેથી કોન્ફરન્સે આ સવાલ ઉપાડી લેવાથી જૈન સમાજના તમામ મધ્યમવર્ગને રાહત મળી શકશે. આવું કામ કોન્ફરન્સ જેવી હિંદની એક જ આ મુખ્ય સંસ્થા કરી શકે, જેથી તેમણે સર્વ છોડી દઈ મધ્યમવર્ગને રાહતનો અને સંગઠન એ સવાલો હાથ ધર્યા તે ઘણું જ ડહાપણવાળું, દીર્ઘદૃષ્ટિ ભર્યું હોઈ જૈન સમાજના દરેક બંધુઓએ દરેક મતભેદો દૂર કરી, આગલી-પાછલી બાબતો ભૂલી જઈ મધ્યમવર્ગની રાહતના કાર્ય માટે સંગઠીત થઈ તનમનધનનો વ્યય કરી આત્મકલ્યાણ સાધવાની આ તક ભૂલવા જેવી નથી, જેથી બની શકે તેટલી સર્વ પ્રકારની સહાય કોન્ફરન્સને આપવાની છે. આટલી હકીકત જણાવી આ અધિવેશનની સર્વ કાર્યવાહી જૈન પેપરમાં વિગતવાર આવેલ હોવાથી માત્ર અહિં ઠરાવો અને હોદ્દેદારોની ફેરબદલી માત્ર સંક્ષિપ્તમાં રજુ કરીયે છીયે.

શેઠ સાહેબ **કસ્તુરભાઇ** લાલભાઈ, શેઠ **કાન્તિલાલ** ઇશ્વરલાલ અને શેઠ **પુરૂષોતમદાસ સુરચંદ** અને **મંત્રીઓ** વગેરે **પુણ્યપ્રભાવક પુરૂષો**, જૈન સમાજની સેવાની ભાવનાવાળા હોવાથી અધિવેશન સફળ થવામાં તેઓશ્રીઓ શુભ નિમિત્ત બન્યા છે.

**પાંચમો ઠરાવ જે પસાર કરેલો છે તે ખાસ જરૂરીયાતવાળો છે. જેમાં પરમ કૃપાળુ મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે પ્રસંશનીય અતિ પ્રયત્નવડે જેસલમેરના જ્ઞાનભંડારોનું કરેલું સંશોધન, નોંધ વ્યવસ્થિત વગેરે માટે મહારાજશ્રીનો આભાર માનવા માટેનો છે.**

કોન્ફરન્સના મુખ્ય મંત્રીઓના નિવેદનમાં, સ્વાગતપ્રમુખના ભાષણમાં, કોન્ફરન્સના પ્રમુખશ્રીના વક્તવ્યમાં કૃપાળુ મુનિરાજશ્રી માટે જે લાગણી પ્રદર્શિત કરવામાં આવી છે તે માટે તેઓને ધન્યવાદ આપ્યા સિવાય રહી શકતા નથી.

મુખ્ય મંત્રીઓના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે—

"અમને કહેતાં આનંદ થાય છે કે પૂજ્ય મુનિશ્રી **પુણ્યવિજયજી** મહારાજ સાહેબે વિદ્વત્‌મંડળીના સહકારવડે આ ભંડારના પુસ્તકોનું સંશોધન કરી તેના સંરક્ષણ માટેનું અત્યંત વિકટ કાર્ય પૂરું કર્યું છે......પૂજ્ય મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ જેવા પ્રખર વિદ્વાન્ અને પુણ્યાત્માએ આ પ્રવૃત્તિ પાછળ જે પરિશ્રમ ઉઠાવ્યો છે એ માટે કોન્ફરન્સ તેમજ સમગ્ર જૈન સમાજ તેમનો ઋણી છે."

સ્વાગત પ્રમુખશ્રી શેઠ પુરૂષોત્તમદાસ સુરચંદે આ સંબંધમાં કહ્યું છે કે:—

"હાલમાં જેસલમેરના જ્ઞાનભંડારમાં રહેલા પ્રાચીન અલભ્ય હસ્તલિખિત ગ્રંથોને વ્યવસ્થિત કરવાનું કાર્ય વિદ્વદ્વર્ય મુનિશ્રી **પુણ્યવિજયજી મહારાજ** સાહેબની દેખરેખ નીચે ચાલી રહ્યું છે; તેમાં પણ કોન્ફરન્સ અગ્રભાગ લઈ રહી છે."

પ્રમુખશ્રી શેઠ **કાંતિલાલ** ઇશ્વરલાલે આ અંગે કહ્યું છે કે:—

"જેસલમેરના જ્ઞાનભંડાર જીર્ણોદ્ધાર અંગે પૂજ્ય મુનિમહારાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજે જે ભગીરથ પ્રયત્ન આદર્યો છે તે શુભ કાર્યમાં કોન્ફરન્સ ભાગીદાર બની શકી તે આપણા ઇતિહાસમાં હંમેશ માટે યાદગાર પ્રસંગ લેખાશે......પૂજ્ય મહારાજશ્રી પુણ્યવિજયજી કે જેમનું આવું આખું જીવન આવા રચનાત્મક કાર્યો પાછળ ખર્ચાય છે, તેવા મુનિરાજો માટે જૈન સમાજ ખૂબ મગરૂરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લઈ શકે. જેસલમેર જેવા રણપ્રદેશમાં જ્ઞાનની પાછળ સેવા અર્પનાર આવી વિભૂતિને આપણા વંદન હોજો."

**પાંચમો ઠરાવ–**"પ્રાચીન જૈન હસ્તલિખિત અને તાડપત્રો તેમજ અન્ય અમૂલ્ય ગ્રંથોના ઉદ્ધારાર્થે પૂજ્ય મુનિ શ્રી **પુણ્યવિજયજી મહારાજ** સાહેબે જે અથાગ પરિશ્રમ સેવી જેસલમેર જ્ઞાનભંડારને સુવ્યવસ્થિત કરેલ છે તે બદલ કોન્ફરન્સનું આ અધિવેશન તેઓશ્રીને અભિનંદન અર્પે છે.

શેઠ સાહેબ **કસ્તુરભાઇ**ને સૌરાષ્ટ્ર જૈન સમાજે આપેલ **સન્માનપત્રના સમારંભમાં** પરમકૃપાળુ શ્રી **પુણ્યવિજયજી મહારાજ** માટે (જેસલમેર જતાં પોતે જોયેલું-જાણેલું-અનુભવેલું તે માટે) જે ઉપકાર જે ધન્યવાદ આપી પ્રશંસાના પુષ્પ વેર્યા છે તે નીચે પ્રમાણે આપીયે છીયે

હું જેસલમેર ગયો. ત્યાં મુનિશ્રી પુણ્યવિજયજીની રાહબરી નીચે ૧૨૦૦ વર્ષ પહેલાના અલભ્ય પુસ્તકોને, કોન્ફરંસનો સાથ અપાયાથી, વ્યવસ્થિત કરવામાં આવ્યા છે.

ઉપરના ઠરાવ તેમજ ઉપરનાં બધા નિવેદનો સાથે અમે અમારો સૂર મિલાવીએ છીએ અને આવું ચિરંજીવી અને અતિ ઉપયોગી કાર્ય હાથ ધરી પાર પાડવા માટે મહારાજશ્રીનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ; અને જૈન સંસ્કૃતિ અને ભારતીય સંસ્કૃતિની આથી પણ વધુ સેવા બજાવવા માટે તેઓશ્રીનું તંદુરસ્તીભર્યું દીર્ઘ જીવન વાંછીએ છીએ.

આ અવસરે મહારાજશ્રીના કાર્યમાં સહકાર આપનાર સર્વ મુનિવરો, અન્ય વિદ્વાનો અને નાના મોટા સહુ કાર્યકરોને પણ અમે ખૂબ ખૂબ ધન્યવાદ આપીએ છીએ.

અને છેવટે–આ પુણ્યકાર્યમાં પોતાનો થોડો કે ઘણો આર્થિક સહકાર આપનાર સંસ્થાઓ અને શ્રીમંતોની પણ અમે ભૂરી ભૂરી પ્રશંસા કરીએ છીએ.

આવા પુણ્ય કાર્યમાં અનુકરણ કરવાની ભાવના ખૂબ જાગ્રત થાઓ એ જ અભિલાષા!

## હવે જુનાગઢ કોનફરન્સના અધિવેશનમાં મહત્વના થયેલા સર્વ ઠરાવો સંક્ષિપ્તમાં નીચે પ્રમાણે આપીએ છીએ.

**શેઠ સાહેબ કસ્તુરભાઇ લાલભાઇ**એ અધિવેશન ખુલ્લું મૂકતાં જે અનુભવ-સિદ્ધ અને સચોટ ભાષણ આપ્યું હતું તેમાં મુખ્યત્વે "**જૈનોની આર્થિક સ્થિતિ સુધારવાનો પ્રયત્ન નહિ થાય તો ગંભીર પરિણામ આવશે.**" વગેરે દેશકાળનો વિચાર કરી ઉપરોક્ત હકીકત જૈન સમાજે વધાવી લેવાની જરૂર છે. અત્યાર સુધીમાં જૈનોની આર્થિક સ્થિતિ સુધારવા **શેઠ કાન્તિલાલ ઇશ્વરલાલ** વગેરેએ જે પ્રયત્ન કર્યો છે તે પ્રશંસનીય છે. પંદર માસથી કોન્ફરન્સ જે ધોરણે કામ આગળ ધપાવી રહી છે તે ધોરણે કામ કરવાની શેઠ સાહેબ કસ્તુરભાઇએ કરેલી સૂચના ખરેખર મહત્વની છે જેથી કોન્ફરન્સના કાર્યવાહકોને તે રીતે કરતાં જૈનસમાજ સંગીન મદદ કરી શકશે વગેરે જણાવી પોતાનું વક્તવ્ય પૂર્ણ કર્યું હતું.

કોન્ફરન્સના પ્રમુખ શ્રી શેઠ **કાન્તિલાલ ઇશ્વરલાલે** આપેલું ભાષણ અતિમહત્વનું અને આધુનિક સ્થિતિનું લાગણીપૂર્વક અને ભાવનાપૂર્વકનું સચોટ હતું. અન્ય કાર્યવાહકો સાથે તેઓશ્રીએ જુદા જુદા સ્થળોએ (જુદા જુદા ત્રીશ સ્થળોએ) રાહત કેન્દ્રો ખોલ્યા છે અને ટૂંકા ગાળાની ત્રણ યોજનાઓ ઉદ્યોગશાળા, વિદ્યાર્થીઓને અભ્યાસમાં આગળ વધવા માટે સ્કુલફી પુસ્તકો આપવાની યોજના, ત્રીજી જરૂરીઆતવાળા કુટુંબોને પચાશથી પચીશ ટકા ઓછે જીવનની જરૂરીઆતો પૂરી પાડવા માટે સ્ટોર્સ ખોલવા માટેની યોજના વગેરે ઉપર સુંદર વિવેચન કર્યું હતું.

સ્વાગત કમિટિના પ્રમુખ **શેઠ પુરુષોતમદાસ સુરચંદ** ધ્રાંગધ્રાનિવાસીએ પોતાના ભાષણમાં ચાલતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમયનો વિચાર કરી સામાજિક, આર્થિક અને રાજકીય અગત્ય ધરાવતા મહત્વના પ્રશ્નો પર મંત્રણા કરી સાચું માર્ગદર્શન સમાજને આપવું જોઇએ ત્યારે કોન્ફરન્સ અસ્તિત્વમાં આવી અને કેટલાક મહત્વના કાર્યો કર્યાં, પ્રાચીન સાહિત્ય ઉદ્ધાર માટે કોન્ફરન્સે સુંદર પ્રયાસ કર્યો છે. તેમજ ફ્લાલના અધિવેશન પછી આપણા મધ્યમ વર્ગના બંધુઓને રાહત તથા માર્ગદર્શન મળે તે માટે નક્કર યોજના મુંબઇ રહેલી સ્થાયી સમિતિએ એક યોજના ઘડી કાઢી તેને નક્કર સ્વરૂપ આપ્યું છે. જૈન સમાજને ટટ્ટાર થવાનો પ્રશ્ન બધા કરતાં અગત્યનો છે વગેરે વક્તવ્ય રજૂ કરી પોતાનું ભાષણ સમાપ્ત કર્યું હતું પછી નીચે મુજબ ઠરાવો થયા હતા.

**પ્રમુખસ્થાનેથી** ઠરાવ ૧ લો. **શોક પ્રસ્તાવ**

આચાર્યશ્રી સાગરાનંદસૂરિ, આ. શ્રી માણિક્યસૂરિ, આ. શ્રી વિજયવિદ્યાસૂરિ, શ્રી વિજયલલિતસૂરિ શ્રી ન્યાયવિજયજી મ. વગેરે મુનિઓને લગતો હતો.

ઉપવડાપ્રધાન વલ્લભભાઇ પટેલ, મોતીચંદ ગિરધરલાલ કાપડીયા, મોહનલાલ ભગવાનદાસ ઝવેરી, શેઠ શાંતિદાસ આસકરણ, શેઠ ફકીરચંદ કેસરીચંદ, શેઠ દેવશી ટોકરશી, મૂળચંદ જોતીરામ બલદોટા, વગેરેના અવસાન માટે ખેદ પ્રદર્શિત કરવા સાથે પરમ શાંતિ ઇચ્છી હતી.

૬ ઠ્ઠો **ઠરાવ ભારત સરકારને સહકાર**:–બિહારની પ્રજાની ઉગ્ર અન્ન પરિસ્થિતિ અને આર્થિક કટોકટી માટે જૈન સમાજે કરકસર કરી એક અઠવાડીયાનું અનાજ આપી દેવાનો ઠરાવ કર્યો હતો,

૭ મો ઠરાવ કોન્ફરન્સનો **સુવર્ણ મહોત્સવ** ઉજવવાનો એ પાંચ ઠરાવ પ્રમુખસ્થાનેથી મુકવામાં આવ્યા હતા.

ઠરાવ ૩ જો સમાજ સ્વાશ્રય અને સ્વાવલંબનનો.
ઠરાવ ૪ થો શ્રાવક, શ્રાવિકા ક્ષેત્રનો ઉત્કર્ષ.
ઠરાવ ૫ મો જેસલમેર જ્ઞાનભંડાર માટેનો.
ઠરાવ ૬ ઠ્ઠો આક્ષેપ પ્રતિકાર.
ઠરાવ ૮ મો બંધારણના ફેરફાર અંગેનો.

ઠરાવ ૯ મો. અખિલ ભારત જૈન શ્વેતાંબર કોન્ફરન્સ સમિતિ અને હોદ્દેદારોની નિમણુંકો. ચીફ સેક્રેટરી તરીકે શેઠ **નાથાલાલ ડી. શાહ** અને શેઠ **ચંદુલાલ ટી. શાહ જે. પી.** મુંબઇની નિમણુંક કરવામાં આવી હતી.

ઠરાવ ૧૦ મો. ચીફ સેક્રેટરી શેઠ **ફુલચંદ શામજી** અને શેઠ **ભાઇચંદ નગીનદાસ** ઝવેરીએ જે કિંમતી સેવા બજાવી છે તેનો આભાર સહિત નોંધ લેવામાં આવી વગેરે ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. બે દિવસ સુધી અધિવેશનની કાર્યવાહી ચાલી હતી

બીજે દિવસે શેઠ સાહેબ **કસ્તુરભાઇ લાલભાઇને** શ્રી સૌરાષ્ટ્રવાસી જૈન સમુદાય તરફથી માનપત્ર આપવામાં આવ્યું હતું.

## બીજે દિવસે ભારતીય સ્વયંસેવક પરિષદ મળેલ.

(અધિવેશન છઠ્ઠું)

સ્વાગત પ્રમુખશ્રી શેઠ **રમણિકલાલ** ભોગીલાલ મીલવાળાએ પોતાનું વક્તવ્ય રજૂ કરતાં પ્રથમ સમાજની સ્થિતિનું વર્ણન કર્યું હતું અને આવતી કાલનો જૈન સમાજનો કેવો ઘડવો જોઇએ? બાળકો કેવા બનાવવા જોઇએ? બ્હેનોનું શું કરવું જોઇએ? રાષ્ટ્રનિર્માણમાં આપણી શી જવાબદારી છે? તે વિચારવું જોઇએ વગેરે ઉપર સુંદર વિવેચન કર્યું હતું. બાદ પરિષદના પ્રમુખ શાહ મોતીચંદ વીરચંદનું વક્તવ્ય સમાજમાં ચર્ચાઇ રહેલા પ્રશ્નોનું, તાત્ત્વિક રીતે રજુ થયું હતું. ત્યાર બાદ શેઠ સાહેબ કસ્તુરભાઇએ ગિરનાર સંબંધી દિગંબરી સાથે કરેલ સમાધાન માટે આભારદર્શન, શ્રી શત્રુંજયગિરિ આવનાર યાત્રાળુઓને ધર્મશાળામાં જગ્યા મેળવવા સંબંધી મુશ્કેલીઓ માટેની નાપસંદગીનો ઠરાવ અને તે માટે એક કમીટી નીમી તેનો નિર્ણય લાવવો વગેરે ઠરાવો થયા હતા.

## જૈન મહિલા પરિષદ

અ. સૌ. **તારાબ્હેન** માણેકલાલ પ્રેમચંદના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરમ કૃપાળુ મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજની જેસલમેર સાહિત્યની થયેલી સંપૂર્ણ યાત્રા અને અપૂર્વ જ્ઞાનભકિત.

પરમ કૃપાળુ મુનિવર સાક્ષરોત્તમ શ્રી પુણ્યવિજયજી મહારાજે અતિ પરિશ્રમે, પૂર્ણ ખંતવડે, શરીરની દરકાર કર્યા વગર, જેસલમેરના ભંડારોની જ્ઞાનભકિત, તપાસણી, સંશોધન, રજીષ્ટર, ભવિષ્યના સંરક્ષણ માટેના સાધનો, અને તેની સર્વ વ્યવસ્થા એટલી કાળજીપૂર્વક સુંદર વ્યવસ્થિત રીતે કરેલી છે, તે અમારા માસિક ને જૈન પત્રોમાં આવતા લેખો અને સાહિત્યરસિક જૈન અને જૈનેતર વિદ્વાનો ઉપરના લખેલા પત્રો વાંચનારાઓ આનંદપૂર્વક જોઇ શકયા છે. તેઓ સાહેબનું સાવધાનપૂર્વક અને પ્રમાણિકપણેનું સંશોધનપણુ, તે માટેની ઉત્તમ વ્યવસ્થિત શક્તિ, એ સર્વ જેઓએ જાણ્યું છે તેઓ આશ્ચર્યચકિત થયા છે.



પાટણ, ખંભાત, વડોદરા, લીંબડી વગેરે ભંડારોનો ઉદ્ધાર, સંશોધન, રજીષ્ટર અને સંરક્ષણ, શાંતમૂર્ત્તિ દાદાગુરુ પ્રવર્ત્તકજી શ્રી કાન્તિવિજયજી મહારાજ, ગુરુદેવ શ્રી ચતુરવિજયજી મહારાજની સાથે રહી એ સર્વ ભંડારોનો અતિ પરિશ્રમવડે કરેલો ઉદ્ધાર અને બ્હોળો અનુભવ અને તે રીતે તેઓશ્રીમાં ઉતરેલ વંશપરંપરાગત વારસો, વિશેષમાં તેઓશ્રીની કુશાગ્ર બુદ્ધિ, અપરિમિત જ્ઞાન, તેમજ વિશેષમાં અપૂર્ણ પ્રતોના પાનાઓ ઉપરથી તે કયા ગ્રંથના પાનાઓ છે? તેનો અસાધારણ ઉકેલ–જાણપણું તે સર્વ જે કોઇ પરમ જ્ઞાની અથવા પૂર્વે જે

---

પ્રમુખપણા નીચે સ્વાગત કમીટીના પ્રમુખ અ સૌ. **ચંચળબ્હેન** ભોગીલાલના વક્તવ્યોમાં શ્રી પવિત્ર શત્રુંજયના ધામમાં એક બારોટ યુવાને કચ્છી સગીર બાળાને ભોળવી વિશ્વાસઘાત કર્યો તે માટે ખેદ પ્રદર્શિતનો વગેરે ઠરાવો રજૂ કરવામાં આવ્યા હતા. સ્વાગત કમીટીના સેક્રેટરી શ્રીમતી **નિર્મળાબ્હેન** ખાંન્તિલાલ વોરાએ કૉન્ફરન્સ કાર્યકરોના તથા પ્રમુખશ્રી અને પધારેલા બ્હેનો વગેરેનો આભાર માન્યો હતો.

એ રીતે ત્રણે અધિવેશનનો ઉત્સાહપૂર્વક પૂર્ણ થયા હતા.

જૈન કૉન્ફરન્સના નવા નિમાયેલા જનરલ સેક્રેટરીઓ **પરી નાથાલાલભાઈ** તથા **શાહ ચંદુલાલભાઈ** જે. પી શક્તિશાળી, સ્થિતિસંપન્ન અને ઉત્સાહી છે, જેથી જૈન સમાજના મધ્યમવર્ગને રાહતના કાર્ય માટે તન, મન અને ધનનો ભોગ આપી, પ્રચાર કરી મુશ્કેલીમાંથી દૂર થાય તેવી સેવા કરવાનું શાસનદેવો બળ આપે તેમ પ્રાર્થીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાત્માએ ઉત્તમ રીતે જ્ઞાનનું આરાધન કર્યું હોય તેનું જ ફળ હોય છે તેવું પરમ કૃપાળુ મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજમાં અપૂર્વ, અનુપમ અને અજબ રીતે આ જેસલમેરની જ્ઞાનયાત્રા અને ત્યાંના ભંડારોના સોળ માસના સંશોધનકાર્યમાં જોવાયું છે, જેથી તે નજરે જોનાર જૈન હો કે જૈનેતર હોય તેના તેમજ જેસલમેરના લેખોના વાચકો અને સાંભળનારાઓનું કૃપાળુ શ્રી પુણ્યવિજયજી મહારાજ પ્રત્યે મસ્તક નમી પડે છે.

જેસલમેર પ્રાચીન જ્ઞાનભંડારોનો આ ઉદ્ધાર, ભક્તિ અને વ્યવસ્થિત કરવાનું આ કાર્ય જૈન સંસ્કૃતિ અને જૈન સાહિત્યની ભક્તિ ઉપરાંત ભારતીય સાહિત્યની પણ અપૂર્વ સેવા કરી છે અને તે એવી અનુપમ કરી છે કે જૈનેતર અને જૈન વિદ્વાનો સાક્ષરો જેસલમેર જાતે જોઇ તે કાર્ય અને તેમના ઉચિત આતિથ્ય માટે ધન્યવાદ આપે છે. અને સાક્ષરોત્તમ પુણ્યવિજયજી મહારાજની અને તેમની આ જ્ઞાનભક્તિની બહુ જ પ્રશંસા કરે છે.

મહારાજશ્રી સાહિત્યનું કે બીજું કોઇ ભકિતનું કાર્ય જે હાથમાં લે છે તે નક્કર, વ્યવસ્થિત અને સર્વ રીતે પૂર્ણ કરે છે તે અત્યારસુધીમાં જોવાયું છે. તેમને, વિહારમાં કે કોઇ શહેરમાં પ્રવેશ કરે ત્યારે નથી જોઇતું સામૈયું, આગતાસ્વાગતા, મહોત્સવો, માન-સન્માન કે તેવું કંઇપણ. મુનિપણામાં પ્રથમથી જ ઉત્તમ પ્રકારની કર્તવ્યપરાયણતા, જન્મથી જ બ્રહ્મચર્ય, સંયમનું અખંડ તેજ અપૂર્વ જ્ઞાનભક્તિ, સંશોધકવૃત્તિ અને ચારિત્રના પાલન વગેરેથી એક મહાન આચાર્યના સઘળા ગુણો તેમનામાં સમાયેલા જોવાય છે. આટલું બહુશ્રુતપણું, વ્યવસ્થાશકિત હોવા છતાં તદ્દન નિરભિમાનીપણું, મિલનસારપણું, સર્વદા કર્તવ્યોમાં પ્રસન્નચિત્ત, પ્રાચીન ગ્રંથોનાં ઉદ્ધાર, શોધખોળ, સંશોધન માટે કે સાહિત્ય સંબંધી નવીન નવીન માહિતી મેળવવા માટે કંટાળ્યા વગર, શરીરની દરકાર કર્યા વગર, આહારપાણીની પરવા વગર, ટાઇમની પણ ગણત્રી કર્યા સિવાય તે માટે થાકે નહિ, કંટાળે જ નહિં. વિદ્વાનો પ્રત્યે તેમનો આદર-સત્કાર, પ્રેમ, મમતાળુંપણું જેસલમેર જનારાઓએ જે અનુભવ્યું છે તેઓ મુગ્ધ બન્યા છે અને પરિચિત વિદ્વાનો મહારાજને ધન્યવાદ આપવા સાથે પ્રશંસાના પુષ્પો વેરે છે. જેસલમેર નજરે જોઇ આવનાર પ્રોફેસર **જિતેંદ્ર** સુંદરદાસ જેટલી ન્યાયાચાર્ય એમ. એ. જેસલમેરથી પૂજ્ય મહારાજશ્રીની આજ્ઞાથી આ સભાનો જ્ઞાનભંડાર જોવા ભાવનગર આવી આ સભાના અતિથિ બન્યા હતા અને સભાનો ભંડાર જોઇ ખુશી થવા સાથે પોતે જેસલમેર જાતે જોઇ જે અનુભવેલું તે સભાસદોને જણાવતાં સભાએ પણ પરમ આનંદ અનુભવ્યો હતો. મી. જેટલી તો એટલા બધા મહારાજશ્રી ભકત-પ્રેમી બની ગયા છે કે પોતાની શિક્ષણ સરવીસના આખા વર્ષના જેટલા વેકેશનો પડે તે વખતે કૃપાળુ મુનિરાજશ્રી સાહિત્ય સંબંધી જે સેવા ફરમાવે તે કોઇપણ વખતે કરવા મહારાજશ્રીને વિનંતિ પણ કરી છે.

---

**જ્ઞાનના પરમ આરાધક, પૂજક, મહાન સંશોધક, ઉદ્ધારક, સુંદર વ્યવસ્થાપક, સાક્ષરોત્તમ આપણા ગુરૂદેવ મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજની જેસલમેરની સાહિત્ય(જ્ઞાન)યાત્રા અને ભક્તિની પૂર્ણાહુતિ અને વિહાર.**

વિહાર માટે નીકળતા નીકળતા છેલ્લે છેલ્લે અતિ પ્રશંસનીય અને જ્ઞાન અને પરમાત્માની ભક્તિપૂર્વક વિહાર અને **વિહારમાં અજબ ચમત્કાર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલા દિવસ પહેલાં કૃપાળુ મુનિરાજશ્રી **પુણ્યવિજયજી** મ૦ તપાગચ્છના ભંડારનું લીસ્ટ તપાસતાં જણાવે છે કે—ઘણા ગ્રંથો ગુમ થયા છે. શ્રી રામચંદ્ર–ગુણચંદ્ર **દ્રવ્યાલંકાર** ગ્રંથનો બીજો ત્રીજો પ્રસ્તાવ જોયો. પ્રથમ પ્રસ્તાવ ગુમ થયેલ છે, કયાં છે તે જાણવામાં આવ્યું પરંતુ તે જોવા મળે તેમ નથી, જેથી તે કામ ભાવિ ઉપર છોડયું છે.

વડા ખરતર ગચ્છનો ભંડાર ખોલાયો છે તે જોતાં તેમાંથી સ્યાદ્વાદરત્નાકરાદિ જે જે મહત્ત્વ ગ્રંથો હતા તે દરેકની તેમજ અનુયોગદ્વાર તથા નંદીસૂત્ર બંનેની ચૂર્ણિની શુદ્ધ પ્રતિઓ બીજે કયાંય નથી તેથી તેની (બધાની) ફીલ્મ ઉતરાવી લીધી છે. "ફીલ્મનું કામ ઘણું મહત્વનું બન્યું છે." માઈક્રોફીલ્મનું કામ પતી ગયું છે. તપગચ્છવાળા આવેલા હોવાથી બનશે તે રીતે ભંડાર ઉપલક દષ્ટિએ જોઈ લેશું.

નીકળતાં નીકળતાં તપગચ્છના ભંડાર જોવાનો અવસર પ્રાપ્ત થયો. ભાઈ નથમલજી આવી ગયા. ભંડાર જોવાઇ ગયો. તેમાંથી ખાસ કરી સૌની ઉપેક્ષાથી રહી ગયેલ શ્રી જયસિંહસૂરિવિરચિત "**જિનયુગલચરિત્ર**" પુસ્તક નવું મળ્યું છે, જેની નકલ કોઈવાર મારા જોવામાં આવી નથી. સી. ડી. દલાલ અને શ્રી જિનવિજયજીએ, આચાર્ય શ્રી હેમચંદ્રની કૃતિ તરીકે ત્રિષષ્ઠિપુરુષચરિત્ર ગ્રંથ જિનયુગલ ચરિત્રને માની લીધો હતો, ચોકસાઇથી જોયું નહોતું પરંતુ અમોએ આદિ અંત જોઇ લખી લીધું છે. ભવિષ્યમાં આપણે તે મેળવીને ઉતારો કરી લેશું. આવા કાર્ય માટે જર્મન વિદ્વાન ડૉ. આલ્સડૉર્ફ પાસે હતો તેવો કેમેરો હોત તો જરૂર ઉપયોગી બનત. જિનયુગલ ચરિત્ર તાડપત્રીય પ્રતિ છે.

બાકીના બંને ભંડારો જોયા. સુવર્ણાક્ષરી કલ્પસૂત્રની પ્રતો બંને ભંડારોમાં બહુ જ સરસ છે. તપગચ્છ ભંડારની પોથી બહુ જ સરસ સચવાયેલી છે. પુષ્પિકા પણ મ્હોટી છે. થિરૂશાહવાળી પ્રતિ અતિ જીર્ણ છે, સુરક્ષિત પણ નથી. તપગચ્છની પ્રતિ તેના માપના દાબડામાં રાખી હતી. પાછળથી તેમાં કપડા મૂકતાં પ્રતિ અવ્યવસ્થિત થઇ ગઇ હતી, પાના વળી ગયા હતા છતાં પ્રતિને આંચ આવી નથી. એટલે તે પ્રતને ઉપાશ્રયે લાવી ઠીક કરીને વધારાના વચમાં મૂકેલા કપડા કાઢી નાંખી પ્રતિને બરાબર ઠીક કરીને અમોએ કરાવેલા એક ખાલી લાકડાના દાબડામાં તે મૂકી રક્ષિત બનાવી પ્રત સોંપી દીધી છે. ભાઈ નથમલજી યુવાન છે, સજ્જન છે. તેઓ બિકાનેર આવવાના છે. ત્યારે **જિનયુગલચરિત્ર**ની પ્રતિ માટે પ્રબંધ થઇ જશે.

બન્ને ભંડારો જોયા. પછી થિરૂશાહના ભંડાર જોવામાં આવ્યો. નહિ દેખાડવા માટે જવાહરલાલ ભણશાળીએ છેવટે ટીકા થતાં પોતે દેખાડવા જણાવ્યું. "**અંગવિજય**ની" પ્રતિ જોઈ લીધી. બીજી નોંધ પણ કરી. તે એ ભંડારોની વિશેષતા એ છે કે-બન્ને ભંડારોમાં ચામડાના ડબા બહુ જ સરસ પદ્ધતિના છે. સુવર્ણાક્ષર કલ્પસૂત્રોની પ્રતો બન્ને ભંડારોમાં બહુ જ સુંદર છે. નિરધારીત સમયે જેસલમેર જ્ઞાનભંડારોનું કાર્ય વ્યવસ્થિત રીતે પતાવી લીધું છે.

તપગચ્છના ભંડારમાં બાકી વિશેષતા કંઈ નથી, છતાં જે આગમ ગ્રંથો છે તે કોઠારી કુટુંબના ભાગ્યવાને લખાવેલ આખો સેટ છે. પ્રતિઓની લિપિ, કાગળ વગેરે બહુ જ સુઘડ છે. થિરૂશાહનો ભંડાર પણ આવો જ સુઘડ છે. બન્ને ભંડારોના ચામડાના ડબા બહુ જ સરસ છે. સુવર્ણાક્ષરી પ્રતો સોળમી સદીના પૂર્વાર્ધમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લખાયેલી છે. ત્યારથી જ ચામડાના દાબલાઓ છે તપગચ્છ ભંડારની પ્રતિ ખરતરગચ્છીય આચાર્યના ઉપદેશથી લખાએલી છે, તેના અંતે ચાર પાનાની વિસ્તૃત પુષ્પિકા–શ્લોકબદ્ધ છે. આ રીતે લગભગ આપણું કાર્ય નિર્વિઘ્ને આનંદપૂર્વક પાર પડી ગયુ છે.

**ઉત્સાહપૂર્વક જ્ઞાનની પૂજા અને પધરામણી:**—વૈશાક શુદ ૧૦ના રોજ જ્ઞાનનો વરઘોડો ઠાઠમાઠ સાથે ચડાવવામાં આવ્યો હતો અને જ્ઞાનની પૂજા કરી વિધિ સાથે ત્રણ પોથીઓની બોલીમાં પ્રથમની પોથી ૫૧ મણ ઘીની, બીજી ત્રીજી ૨૫–૨૧ મણની બોલીથી અને બીજી આઠ પોથી મળી અગ્યાર પોથી ભક્તિપૂર્વક સુંદર દાબડામાં પધરાવી છે.

પોથીઓ માટે કલકત્તા બનેલ એલ્યુમિનિયમના દાબડામાં પોથીઓ પધરાવી સંરક્ષિત લોખંડ કબાટોમાં વ્યવસ્થિત રીતે મૂકાઇ ગયેલ છે. બડો ભંડાર નીચેના ભંડારમાંથી (ઉપાશ્રયમાંથી) લાવ્યા હતા તેને સૌની સંમતિ સાથે કિલ્લાના ભંડારમાં સામેલ કરી દીધો છે. લીસ્ટ થઇ રહ્યું છે. **શ્રી રમણિકવિજયજીને** એ કામ સોંપ્યુ છે. એકંદર એ કામ ઘણું સારું થઇ ગયેલ છે. સાથેનો સ્ટાફ બધી સામગ્રી સાથે પાટણ રવાના થઇ ગયેલ છે. સ્ટાફે જે જે કાર્યો જીવ દઇને કર્યાં છે તે તો સદાય સ્મરણમાં રહી જશે.

## ભગવાનનો અભિષેક.

ભગવાનનો લેપ બહુ જ સરસ થઇ ગયો છે. તેના અભિષેકાદિક વિધિનો સુંદર મહોત્સવ શ્રાવિકા **અલકકુમારી** તરફથી બહુ જ સરસ થઇ ગયો છે. આખા કુટુંબે ઉદારતાથી લાભ લીધો. વરઘોડાનો ખર્ચ એ કુટુંબે આપ્યો. બહુ જ સરસ રીતે કામ થઇ ગયેલ છે.

## નવો શિલાલેખ પ્રાચીન ઢબે.

દાબડાઓ ઉપર લાલ નંબરો કર્યા છે અને શિલાલેખ સરસ બન્યો છે. બન્નેના ફોટા લેવરાવાના ને ત્યારબાદ તે તૈયાર થતાં રિપોર્ટમાં દાખલ થઇ જશે. શિલાલેખનો સંવત ન જોવે તેને તો આબાદ પ્રાચીન લાગે. પ્રાચીન લિપિની તેમાં જાળવણી કરવામાં આવી છે. પદ્ધતિ પણ શિલાલેખ લેખનને લગતી પ્રાચીન જ રાખવામાં આવી છે. જે જોશે તે રાજી થયા સિવાય રહેશે નહિં.

ત્યાંના સંઘના ચોપડામાંથી કેટલાક પ્રાચીન ધારાધોરણો હતા જેનો ફોટો લેવામાં આવ્યો છે, જે ઐતિહાસિક માહિતીરૂપ હોવાથી ઉપયોગી છે. જેમાં ભંડારની ચાવીઓ આદિ અંગે જે બંધારણ હતું તેમાં આનો ઉલ્લેખ છે. માઇક્રો ફિલ્મ આદિનું કામ પતી ગયું છે.

## જ્ઞાનભંડારોની નવી વ્યવસ્થા.

ભંડારમાંથી આમાચિડીયા નીકળી ગયા છે. આલેશાન કાર્ય પૂજ્ય મહારાજશ્રી પુણ્યવિજયજી મહરાજ અને તેની નિશ્રામાં રહેલ મુનિ મહારાજો વગેરેથી થઇ ગયેલ છે.

## ભંડારની વ્યવસ્થા.

ભંડારમાં કબાટો બરાબર ગોઠવાઇ ગયા અને દાબડાઓ પણ સમાવી દીધા છે. કિલ્લામાંથી લાવેલી કાગળની પ્રતિઓમાં જે સાંકડા માપની પ્રતિઓ હતી તેને આપણે દાબડાઓમાં ગોઠવી હતી, પરંતુ એ દાબડાઓ અંદરના કબાટમાં નહિ સમાવાને લીધે એની પોથીઓ બાંધીને પૂર્વવત્ કાગળના પુસ્તકોનાં કબાટમાં જ સામેલ કરવામાં આવેલ છે. એકંદર બધી ગોઠવણ ઠીક કરવામાં આવેલ છે. આ ઉપરાંત સૉકેસમાં ચિત્રપટ્ટિકા, તાડપત્રીય જીર્ણ ખંડો, તાડપત્રના અપૂર્ણ ગ્રંથો વગેરે બધું મૂકવામાં આવ્યું છે. શ્રી જિનવિજયજીએ શ્રી પાર્શ્વનાથ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચિત્રોના જે બ્લોકો બનાવેલા છે તેના પ્રિન્ટ્સ અને ભાઇ નવાબે મોકલેલ ચિત્રપટ્ટિકાના પ્રિન્ટ્સને મઢાવીને ખીંટીઓ ઉપર લટકાવવામાં આવેલ છે, જેથી પ્રેક્ષકો સરળતાથી જોઇ શકે.

## જ્ઞાનભંડારની વહીવટી ગોઠવણ.

મુખ્ય દરવાજાની ચાર કુંચીઓ પૂર્વવત્ જેમની પાસે હતી તેમને સોંપી દીધી છે. વચલા દરવાજાની કુંચી પણ બહાર રાખવાનું ઠરાવ્યું છે; તે ઉપરાંત બધા જ કબાટોની કુંચીઓ રાખવા માટે નંબરવાળું પાટિયું બનાવી જ્ઞાનભંડારના વચલા રૂમમાં જે કાગળની પ્રતિઓ પ્રથમ હતી ત્યાં જ રાખવાનું ઠરાવ્યું છે. દરેક દરવાજા અને કબાટોની કુંચીઓને અલગ અલગ કડીઓ અને નંબરોની પ્લેટો સાથે રાખવામાં આવી છે, જેથી હરકત ન આવે. બધી ચાવીઓ બેવડી છે, તે પૈકી એક આખો સેટ તીજોરીમાં રાખવાનું નક્કી કરીને, તીજોરીમાં મૂકાવી છે અને એક સેટ કાયમ જ્ઞાનભંડારમાં રહેશે. આ બધું કોઇપણ જેસલમેર જનાર જોઈ શકશે.

દરવાજો સરસ બન્યો છે. તેનું ઉદ્દઘાટન કલેકટર પાસે કરાવ્યું છે. દરેક કામ નિર્વિઘ્ને આનંદથી પાર થઇ ગયું છે. એકંદરે દરેક કામ મહારાજશ્રીની ઊંચા પ્રકારની બુદ્ધિમત્તાથી એકંદરે ધાર્યા કરતાંય યથાશક્તિ અનેકગણું થઇ ગયું છે, અને મહારાજશ્રી પુણ્યવિજયજી મહારાજશ્રીને આત્મસંતોષ ખૂબ થયો છે, મહારાજશ્રી જણાવે છે કે–અમો વૈશાખ વદી ૫ ના રોજ વિહાર કરીશું. અને ફલોધી થઇ બિકાનેર જશું. ત્યાં જતાં એક માસ થશે. ચોમાસું પણ ત્યાં જ થશે ધન્ય છે **મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ આપની આ અપૂર્વ જ્ઞાનભક્તિને.**

મહારાજશ્રી જણાવે છે કે અમારો વિહાર કપરો છે ધર્મ પસાયે ઠીક થશે. (કેવી ઉત્તમ શ્રદ્ધા–ભાવના) તમો સૌને તે માટે ચિંતા સ્વાભાવિક થાય, પરંતુ મહારાજશ્રીમાં અનુપમ કાર્યસાધકપણું, અડગ નિશ્ચય, અનેક વિઘ્નો આવે તો પણ ધાર્યું કામ પાર પાડે તેવું આત્મબળ છે. શ્રુતજ્ઞાન અપરિમિત, પાંડિત્યપૂર્ણ વ્યવસ્થાશક્તિ પણ અજબ છે. શરીરસ્થિતિ જોઇએ તેવી નહિં છતાં જેસલમેર જેવા રણપ્રદેશમાં અતિ પરિશ્રમે ત્યાં પહોંચતા શ્રમ પડેલ છતાં ત્યાં સુખશાંતિપૂર્વક પહોંચ્યા. વચ્ચે બિમારી આવી હતી છતાં અઢાર માસના અતિ શ્રમ વડે, જ્ઞાનબળે, બ્રહ્મચર્ય અને સંયમના તેજવડે ત્યાંના સર્વ ભંડારોના સાચવનારાઓના પણ આ સુંદર કાર્યવાહી જોઇ મસ્તક નમી પડ્યા છે. કૃપાળુ મુનિરાજશ્રીએ સરસ રીતે, રચનાત્મક અને વ્યવસ્થિત રીતે ભંડારો તપાસ્યા, તેની નોંધ લીધી, ફોટાઓ લીધા, રિપોર્ટ તૈયાર કર્યો, જ્ઞાનનું બહુમાન માટે જ્ઞાનનો વરઘોડો ચડાવ્યો, પૂજન કર્યું. પરમાત્માના અભિષેક કરાવ્યા, સંરક્ષિત કબાટોમાં સંરક્ષિત સુંદર દાબડાઓમાં પધરાવી વ્યવસ્થિત ગોઠવી દીધા. રજીસ્ટર નોંધ, પ્રાચીન પદ્ધતિ પ્રમાણે શિલાલેખ વગેરેથી દેદીપ્યમાન ભંડારો કર્યા. જેસલમેર જ્ઞાનભંડારોની–જ્ઞાનની ભક્તિ, પૂજન અને દેવભક્તિ કરી સુંદર રચનાત્મક કાર્ય પૂર્ણ કર્યું. તેનો રિપોર્ટ પ્રગટ થતાં જૈન અને જૈનેતર વિદ્વાનોને–જૈન સમાજને પણ પરમ આનંદ થયા સિવાય રહેશે નહિ. વૈશાક વદી ૫ ના મંગળ પ્રભાતે ત્યાંના ચતુર્વિધ શ્રીસંઘના અપૂર્વ સન્માનપૂર્વક સપરિવાર સાથે વિદાય લીધી અને બિકાનેર જવા વિહાર કર્યો છે. તેઓશ્રી જાણે છે અને જણાવે છે તે પ્રમાણે વિહાર, ઉનાળાનો સખ્ત તાપ, રેતાળ જમીન, નહિં ગામ કે ઝાડ વગેરેથી ઘણો કપરો અને પાણી વગેરેની હાડમારીવાળો છે, પરંતુ કૃપાળુ શ્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુણ્યવિજયજી મહારાજનું આત્મબળ જબ્બર, ધાર્યું કામ પાર પાડવાની અનુપમ શક્તિ, તેમજ બહુ જ શ્રુતપણાવડે નવા નવા ગ્રંથો શોધવા માટેની જ્ઞાનપિપાસા-સાહિત્યના ઉદ્ધાર અને ભક્તિ માટે તો સંપૂર્ણ તન્મયતા, આવા સત્ત્વશાળી અખંડ બ્રહ્મચર્ય અને સંયમવાળા પવિત્ર મહાત્મા પુરુષોને ગમે તેવા કપરા-મુશ્કેલીવાળા સંયોગો હોય કે આવી મળે ત્યારે શાસન દેવો કે કુદરત સંયોગોને જરૂર અનુકૂળ સુલભ અને સુખશાંતિપૂર્વકના બનાવી દે છે. અહીં પણ વિહાર દરમ્યાન તેવો જ **અજબ ચમત્કાર** બની જાય છે. પૂજ્ય મહારાજશ્રી જેસલમેરથી વિહાર કર્યા બાદ બે મુકામે ગરમી વગેરેની મુશ્કેલી રહી પરંતુ ત્રીજા મુકામ ( ચાંદણ ) આવતાં વરસાદની મોસમના કેટલાક દિવસો બાકી હતાં, સખ્ત તાપ પડતો હતો, આકાશ નિર્મળ હતું, છતાં એકાએક તે પ્રદેશમાં ચોમેર જેસલમેરથી ફલોધી (જે મહારાજશ્રીના વિહારનો માર્ગ છે ત્યાં ) અને બીજા પ્રદેશોમાં પુષ્કળ વરસાદ થાય છે, જેથી ગામે ગામ તળાવોમાં પાણી ભરાઇ ગયા, કયાંક કયાંક તો તળાવો ઉભરાઇ ગયાં. ઋતુ ઠંડી થતાં, મહારાજશ્રી સપરિવાર માટે દરેક સ્થળમાંથી પાણીની મુશ્કેલી દૂર થઇ ગઈ અને જે ભય હતો તે સર્વ નિર્મૂળ થઇ જતાં, કોઈ જાતની તકલીફ નહિં રહેતાં પુણ્યબળે મુશ્કેલી ટાળી દીધી છે. વિહાર સુખરૂપ સુલભ બની ગયો છે. આવા પવિત્ર આત્માઓ જગત ઉપર જન સમાજ ઉપર નિરંતર ઉપકાર કરી રહ્યા છે, તેવા પવિત્ર સત્ત્વશાળી પુરુષો ત્યાગી મહાત્માઓને ગમે તેવી મુશ્કેલીઓ આવે ત્યારે તેનો સામનો કરી શકે છે. કદાચ કુદરત કે કોઇ દેવ સત્ત્વની પરીક્ષા કરતા હોય તો પણ શાસનદેવો કે કુદરત તેવા મહાન પુરુષોની ગમે તેવી મુશ્કેલીઓ દૂર કરી દે છે. સુખશાતા ઉત્પન્ન કરી દે છે. તે પ્રાચીન અર્વાચીન ઇતિહાસ કે કથાઓમાં જોવાય છે. આ પણ પ્રસંગ તેવો જ છે. પૂજ્ય કૃપાળુ શ્રી પુણ્યવિજયજી મહારાજની આજે જેસલમેરની જ્ઞાનભક્તિ અને સાહિત્યસેવા માટે જૈન, જૈનેતર અનેક વિદ્વાનો, જૈન કોન્ફરન્સ કે સકળ જૈન સમાજ આભાર માને, હર્ષ અનુભવે કે ધન્યવાદ આપે કે મસ્તક નમાવે જ. ભાવિકાળની પ્રજા પણ આ મહારાજશ્રીએ જેસલમેર ભંડારોનું જે નવીન સુંદર રૂપ આપ્યું છે, તે કોઇ પરમ શ્રુતજ્ઞાની કે કોઇ જ્યોતિર્ધરે કરેલું ( આ જેસલમેર જ્ઞાનભંડારના ઉદ્ધાર, સંશોધન, વ્યવસ્થા માટેનું ) મહદ્ કાર્ય છે એમજ ગણના કરશે અને તે જૈન સમાજ અને ભારતના સાહિત્ય ઇતિહાસના ક્ષેત્રમાં તે સુવર્ણાક્ષરે કોતરાઇ રહેશે એવું ત્યાં ગયેલા અનેક વિદ્વાનો માને છે. અને કહેવાય છે કે ત્યાંના આમંત્રણ વગેરેથી જેઓ ત્યાં જઇ મહારાજશ્રીની જ્ઞાનભક્તિ સાહિત્ય-સેવા નજરે જોયેલ છે તેઓ સર્વે ચકિત થઇ ગયા છે, હર્ષ અનુભવ્યો છે, અને તેઓના પણ મસ્તક નમી પડ્યા છે. ત્યાં જઇ જોનારા વિદ્વાનો સ્વસ્થળે આવી અનેક પરિચિત મનુષ્યો પાસે મહારાજશ્રીના ભારોભાર વખાણ કર્યા છે. મહારાજશ્રીના નિર્દોષ આતિશ્યતપણા માટે તો ત્યાં ગયેલા વિદ્વાનોને તે માટે ઘણુંજ માન ઉત્પન્ન થયેલ છે.

વિહાર કર્યા બાદ રસ્તામાં સભાનો પત્ર ન મળી શકે કારણ કે રસ્તાના ગામોમાં વ્યવસ્થિત પોસ્ટ ન હોવાથી વૈશાક વદી ૫ ના રોજ મંગળ પ્રભાતે વિહાર કર્યો તેના તાર દ્વારા સભાને ખબર મળ્યા હતા. સભા પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરે છે કે-કૃપાળુ શ્રી પુણ્યવિજયજી મહારાજ સપરિવાર સુખશાંતિપૂર્વક વિના તકલીફ અને કષ્ટે બિકાનેર પહોંચે જે સમાચાર પહોંચ્યાના સભાને મળી ગયા છે જેથી સભાને આનંદ થયેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરનો
# ૫૫ મો વાર્ષિક મહોત્સવ

**પૂજ્યપાદ કૃપાળુ આચાર્ય ભગવાન શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ તથા કૃપાળુ પંન્યાસજી શ્રી સમુદ્રવિજયજી મહારાજની નિશ્રા અને અપૂર્વ કૃપા તથા હાજરી વચ્ચે આ સભાનો શ્રી તાલધ્વજગિરિ તીર્થે જેઠ શુદ ૨ બુધવારના રોજ સમારોહપૂર્વક ઉજવાયેલ ૫૫ મો વાર્ષિક મહોત્સવ.**

વાર્ષિક મહોત્સવના માંગલિક દિવસના આઠ દિવસ અગાઉ આ સભાની વર્ષગાંઠ નજીક આવવાની હોવાથી આ સભાની ઇચ્છા પાલીતાણે બિરાજમાન આચાર્ય ભગવાન શ્રી **વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજ અને પંન્યાસજી મહારાજશ્રી **સમુદ્રવિજયજી** મહારાજની નિશ્રા અને હાજરીમાં સભાના સદ્‌ભાગ્યે જેઠ શુદિ ૨ ના રોજ તળાજા તીર્થે ૫૫ મો વાર્ષિક મહોત્સવ ઉજવાય તો તે આ એક અપૂર્વ માંગલિક દિવસ (મહોત્સવ તીર્થ, દેવ, ગુરુભક્તિ માટે) જીવનમાં ગણાય, તેમ વિચાર થતાં એ વાતને બહુ જ પ્રેમ સાથે સભાએ વધાવી લીધી. તે માટે આચાર્ય મહારાજને વિનંતિ કરવા સભાનું એક ડેપ્યુટેશન પાલીતાણા ગયું. આચાર્ય ભગવાન અને પંન્યાસ મહારાજને તળાજા તીર્થે પધારવા વિનતિ કરતાં આચાર્ય મહારાજને એક તો વયોવૃદ્ધ, આંખની અડચણ અને ઉનાળાની સખ્ત ગરમી હોવાથી ઘણો જ પરિશ્રમ પડે, તેમ હોવા છતાં સભાની ઉપર અપૂર્વ કૃપા હોવાથી તળાજા જેઠ શુદી ૧ ના રોજ સવારના પધારવા વિનંતિ સ્વીકારી, જેથી સભાનો વાર્ષિક મહોત્સવ આચાર્ય ભગવાનની નિશ્રામાં ઉજવાશે એમ નિર્ણય થવાથી સર્વ સભાસદોના આનંદનો પાર નહોતો. જેઠ શુદી ૧ ના રોજ સમારોહપૂર્વક સામૈયું, આચાર્ય મહારાજ સપરિવારની સર્વ સગવડ, પૂજા, પ્રભાવના, સ્વામીવત્સલ વગેરેના ખર્ચ માટે સભાની મીટીંગ મેળવી ખર્ચની મંજૂરી થતાં તેની વ્યવસ્થા શરૂ થવા લાગી. આમંત્રણ-પત્રિકા સર્વ સભાસદોને પહોંચાડવામાં આવી અને વૈશાક વદી ૩૦ ના રોજ સવારથી સભાસદોનું તળાજા આગમન થવા લાગ્યું. આ સભાના માનવંતા પેટ્રન અને સભાને જેઓ સાહેબે પોતાની જ માની છે તેઓ દાનવીર શેઠસાહેબ શ્રીયુત **ભોગીલાલભાઇને** તળાજા પધારવા વિનંતિ થતાં આમંત્રણ સ્વીકાર્યું અને તળાજાના પોતાના બંગલામાં સપરિવાર આચાર્ય મહારાજ રહે ત્યાંસુધી સ્થિરતા કરે, તેવી વ્યવસ્થા કરી આપી અને બંગલાને શણગારવાની ગોઠવણ પણ શરૂ થઇ ગઇ. વૈશાક વદી ૩૦ ના રોજ આચાર્ય મહારાજ સપરિવાર તળાજાથી સુમારે પાંચ ગાઉ દૂર ઠળીયા મુકામે આવી પહોંચતા સાંજના બે સભ્યો ઠળીયા ગયા અને ઉન્હાળાનો સખત તાપ તેમજ તે દિવસનો પાંચ ગાઉનો વિહાર હોવાથી જેઠ શુદી ૨ ના રોજ જ તળાજા આવી પહોંચે તેમ જણાતાં, જેઠ શુદી ૧ ના રોજ તળાજા સવારમાં પધારે અને સભા ભક્તિપૂર્વક ઠાઠમાઠથી સામૈયું-સત્કાર કરે તે આનંદજનક હોવાથી ઠળીયા મુકામે બે સભાસદોને મુખ્ય સેક્રેટરીનો વિનંતિપત્ર લઇ આગલે દિવસે મોકલ્યા ત્યાં જઇ વિનંતિ કરી પત્ર આપ્યો. શ્રી આચાર્ય મહારાજે તે રીતે વિનંતિ સ્વીકારી પધારવા કૃપા જણાવી. જેઠ શુદી ૧ ના સવારે તળાજા પહોંચતા ઘણી જ તકલીફ-પરિશ્રમ પડશે તેમ હોવા છતાં તેનો વિચાર નહિ કરતાં સભા ઉપરની કૃપાની રાહે વિહાર કરીને જેઠ શુદી ૧ ના સવારના આઠ કલાકે આચાર્ય મહારાજ સપરિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાર તળાજા પધાર્યા. અહિં તળાજામાં સભાએ સામૈયાની સુંદર તૈયારી કરી રાખી હતી. તળાજા શ્રીસંઘે અને સંઘના આગેવાનોના સારા સહકાર સાથે તળાજા શહેરમાં ધ્વજાઓ, વાવટા, તોરણો વગેરેથી શહેરને પણ શણગારવામાં આવ્યું હતું. તળાજા સંઘ, યાત્રાળુઓ અને સભાસદો વગેરેનો ઉત્સાહ અનુપમ હતો. સવારે સાડા આઠે શેઠશ્રી **ભોગીલાલભાઇ** વગેરે બંધુઓ–સભ્યો પણ વખતસર આવી પહોંચ્યા. ભાવનગરથી સભા તરફથી કૃષ્ણનગર લલિતસૂરીશ્વર સંગીત મંડળનું બેન્ડ આવેલું તૈયાર હતું, બીજું તળાજાનું સ્કાઉટ બેન્ડ, ઢોલ, શરણાઇ વગેરે તૈયાર થતાં શેઠશ્રી ભોગીલાલભાઇના બંગલેથી સામૈયું નિકળ્યું. સામૈયામાં સપરિવાર આચાર્ય મહારાજ, શ્રીસંઘ, સભ્યો, યાત્રાળુઓ અને તળાજાની જૈનેતર પ્રજા મળી એક હજાર માણસો ઠેઠ સુધી રહ્યું હતું. આખા શહેરને પણ ઉત્સાહ ઘણો હતો. સામૈયું વાજતે ગાજતે શેરીએ શેરીએ ગહૂંલીપૂર્વક આચાર્યદેવની ભક્તિ થતાં થતાં, ગામના જિન-મંદિરમાં ચૈત્યવંદન કરી, જૈનધર્મશાળા જ્યાં શ્રી તળાજા તીર્થ કમીટીની પેઢી છે, ઉપાશ્રય છે ત્યાં સર્વ આવી પહોંચ્યા, ત્યાં બિરાજમાન પૂજ્ય આચાર્ય શ્રી ઉદયસૂરિમહારાજને સામૈયામાં પધારવા કરેલ વિનંતિથી પણ તેઓ સાહેબ પધાર્યા હતા. ધર્મશાળા-ના ઉપાશ્રયમાં આચાર્ય ભગવાન કૃપાળુ **શ્રી વિજય-વલ્લભસૂરીશ્વરજી** સપરિવાર શ્રી સંઘ આવ્યા બાદ મહારાજે મંગળાચરણ (દેશના) શરૂ કરી, જૈન દર્શનનો **અનેકાન્તવાદ–સ્યાદ્વાદ** ધર્મ શું છે? તેનો સરલ, દૃષ્ટાંતો સહિત તે સિદ્ધાંત સમજાવી, તેને સંકલનાપૂર્વક સાત ક્ષેત્રમાં ઉતારી મધ્યમ વર્ગ (શ્રાવક, શ્રાવિકા) ક્ષેત્રની આધુનિક સ્થિતિ શું છે? તેને રાહત આપી પલ્લવિત કરવા ઉપર સુંદર વિવેચન કરી મધ્યમવર્ગ માટે જૈન સમાજે પોતાનું દ્રવ્ય સારા પ્રમાણમાં મ્હોટું ભેગું કરી મધ્યમ વર્ગને રાહત જલદી આપવા જરૂરીઆત ઊભી થઈ છે વગેરે મહત્ત્વની બાબતો સમજાવી હતી આટલી વયોવૃદ્ધતા, લાંબો વિહાર અને ઉન્હાળાના ગરમીના દિવસો છતાં દેશના સુમારે બે કલાક આપી હતી. સાંભળનાર શ્રોતાઓ ચકિત થઇ ગયા. મધ્યમ વર્ગ રાહતની જરૂરીઆત છે તેમ આચાર્ય મહારાજની દેશનામાં જણાતાં શ્રોતાઓનાં મુગ્ધ થતાં હૃદય દ્રવીભૂત થઇ ગયાં હતાં. આચાર્ય મહારાજશ્રીની એકધારી (લાંબા વખતની) સૌ સાંભળી શકે તેવા બુલંદ અવાજે દેશના ચાલુ રહેતાં આચાર્ય મહારાજની વિદ્વત્તા, બ્રહ્મચર્ય, તપ અને સંયમ માટે સર્વનાં મસ્તક નમી પડતાં હતાં અને અપૂર્વ આનંદ અનુભવતાં હતાં. દેશના પૂર્ણ થતાં આચાર્ય મહારાજ સપરિ-વાર તેઓ સાહેબને ભક્તિપૂર્વક આપેલા નિવાસ-સ્થાને પધાર્યા હતા.

બીજે દિવસે જેઠ શુદી ૨ ના રોજ તાલ-ધ્વજગિરિ ઉપર **શ્રી સુમતિનાથ ભગવાનના** મંદિરના ચોકમાંની બાજુમાં કરેલી ગોઠવણ મુજબ સાડાઆઠ વાગે પૂજા ભણાવી હતી. ભાવનગરથી વિવિધ વાજીંત્રો વગાડનારાઓને લાવવામાં આવ્યા હતા. આચાર્ય મહારાજ સપરિવાર પધારતાં ડુંગરે ચડવા વખતે કૃષ્ણનગર શ્રી લલીતસૂરિ બેન્ડ ગાજતે વાજતે સાથે હતું. કૃપાળુ આચાર્ય મહારાજકૃત પંચ-તીર્થની પૂજા સુંદર રાગરાગિણીથી ભણાવવામાં આવી હતી. ઉપર નીચે બંને જગ્યાએ શ્રી જિનેશ્વર ભગ-વાનની અંગરચના કરવામાં આવી હતી. જેઠ શુદી ૨ ના રોજ વોરા હઠીસંગભાઇ ઝવેરચંદે પોતાની હૈયાતિમાં એક રકમ સભાને આપી તેનું વ્યાજ, બાકી રૂા. ૧૫૦૦)ની રકમ વાર્ષિક મહોત્સવ માટે આપવા કહેલી રકમ (જે રકમ હજી સુધી મળી નથી) તેના આવેલા વ્યાજના રૂા. સાઠ તેમની પત્ની શ્રી હેમકોર બ્હેન તરફથી આવેલ અને બાકીનો મંજુરી પ્રમાણેના સભાના ખર્ચ વડે જેઠ શુદ ૨ ના રોજ પણ સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. જેઠ શુદ ૧–૨ બંને દિવસોમાં સભાસદો, અન્ય યાત્રાળુઓ ત્યાં રહેનારા જૈન કુટુંબો વગેરેનું સ્વામીવાત્સલ્ય કરતાં આનંદપૂર્વક સૌએ ભાગ લીધો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતો. આ બન્ને દિવસો સભા માટે અપૂર્વ, અનુપમ, આત્મકલ્યાણ કરવા માટેના દિવસો હતા. દેવ, ગુરુ, તીર્થભક્તિ માટે આ ૫૫ મો વાર્ષિક મહોત્સવ ઘણા જ ઉત્સાહપૂર્વક ઉજવ્યો હતો. આ અનુપમ અપૂર્વ પ્રસંગ પ્રાપ્ત થયો તે આચાર્ય મહારાજ અને પંન્યાસજીની સભા ઉપર અપૂર્વ કૃપાને આભારી છે. સભા સ્થાપન થઇ ત્યારથી આચાર્ય મહારાજની સભા ઉપર કૃપા છે અને મહોત્સવ માટે વિનંતીને માન આપી, અતિ પરિશ્રમ વેઠી તળાજા પધારવાથી કૃપાની વૃદ્ધિ થઇ છે તેટલું જ નહિં પરંતુ ૫૬ વર્ષની સભાની વયમાં આવો અપૂર્વ દિવસ આ વર્ષે ખાસ જોવાયો છે તે સભા તેમજ સભાસદોને યાદગાર રહેશે.

મુનિ મહારાજો માટેની નિવાસસ્થાનની વ્યવસ્થા અને સભાની વિનંતીને માન આપી દાનવીર પેટ્રન સાહેબ શેઠશ્રી **ભોગીલાલભાઇએ** આપેલી હાજરી માટે સભા તેઓશ્રીનો આભાર માને છે.

તળાજા સંઘે જે સહકાર આપ્યો છે તે માટે ત્યાંના શ્રીસંઘનો આભાર માનીએ છીએ.

જેઠ સુદ ૧ ના રોજ દેશના પૂર્ણ થતાં જ તરત જ ચોરવાડથી સભાને પોતાની માનનાર આ સભાના માનવંતા પેટ્રન શ્રીયુત **ખાન્તિલાલ અમરચંદભાઈ વોરાએ** પ્રથમ આપેલ કેટલીક સૂચના માટે તેમજ વાર્ષિક મહોત્સવ માટે, પોતાનો આનંદ જણાવવા તથા આચાર્ય મહારાજને વંદન કરવાનો તે જ દિવસે સભા ઉપર આવેલો તાર વાંચતા આચાર્ય મહારાજને વંદન જણાવતાં તે સમાચારથી સભાસદો તથા સર્વને આનંદમાં વૃદ્ધિ થઇ હતી. સભાના કાર્યમાં શ્રીયુત ખાન્તિલાલભાઇ તે રીતે સલાહકાર થઇ દરેક પ્રસંગોની શોભામાં વૃદ્ધિ કરે છે તે માટે સભા તેઓશ્રીનો આભાર ભૂલી શકતી નથી. શેઠ સાહેબ ભોગીલાલભાઇ તથા શેઠશ્રી ખાન્તિલાલભાઇ વોરા તીર્થની વહીવટ કમીટીના મુખ્ય હોદ્દેદારો હોવાથી પેઢીના મુનિમને પત્રદ્વારા સર્વ વ્યવસ્થા કરવા જણાવેલ હતું તેથી તે પણ સભાપરની લાગણી ભૂલી શકતા નથી.

---

# અપૂર્વ આત્મ જયંતિ.

પાલીતાણાઃ–સિદ્ધક્ષેત્ર શ્રી આત્માનંદ જૈન પંજાબી ધર્મશાલામાં પુણ્યશ્લોક શાસનપ્રભાવક ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય ૧૦૦૮ **શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી** (આત્મારામજી) મહારાજનો જેઠ સુદિ આઠમે નિર્વાણ દિવસ હોવાથી એ એોશ્રીજીના પટ્ટપ્રભાવક પંજાબકેસરી આચાર્યશ્રી **વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજની અધ્યક્ષતામાં પાંચ દિવસનો ભરચક કાર્યક્રમ રાખી અપૂર્વ જયંતિ-મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

જેઠ સુદિ બીજી છઠ્ઠે આચાર્યશ્રીજી આદિ દાદાની યાત્રાર્થે ઉપર પધાર્યા અને આચાર્યશ્રીજીની આજ્ઞાથી જયંતિ વિષયક વ્યાખ્યાન **પં. સમુદ્રવિજયજી ગણિએ** વાંચ્યું. બપોરે સમારોહપૂર્વક પૂજા ભણાવવામાં આવી. રાતના ભાવના બેઠી.

સાતમના રોજે સવારના આઠ વાગ્યે વરઘોડો ચડાવવામાં આવ્યો હતો. પ્રભુજીના એ રથ બગીમાં શ્રી આત્મારામજી મહારાજની આકર્ષક મોટી તસ્વીર બિરાજમાન કરવામાં આવી, મહેન્દ્ર ધ્વજ, ભાવનગરથી લલિતસૂરિ જૈન સેવા સમાજનું બેન્ડ અને શ્રી લબ્ધિસૂરિ સેવા સમાજનું બેન્ડ અને બીજા બેન્ડો વગેરેથી પ્રજાનું ખેંચાણ થતું હતું.

વિશાલ સાધુ–સાધ્વી સમુદાય પ્રભુના રથો આગલ ચાલતો શોભી રહ્યો હતો અને શ્રાવક શ્રાવિકાઓનો સમુદાય જયકારા બોલતો ચાલતો હતો. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી સામે સાકરના પાણીનો પ્રબંધ કરવામાં આવેલ હોવાથી તેનો માનવોએ સારી રીતે લાભ લીધો હતો. વરઘોડો મુખ્ય મુખ્ય લતાઓમાં ફરી પંજાબી ધર્મશાલાએ ઉતર્યો. આચાર્ય ભગવાને મંગલિક સંભલાવ્યું અને મુનિશ્રી જનકવિજયજીએ જયંતિનાયકનું હિન્દી અષ્ટક મધુર ધ્વનિથી ગાઇ સંભલાવ્યું. પછી પ્રભાવના થઇ. બપોરે પૂજા ભાવપૂર્વક ભણાવવામાં આવી. મોટી ટોલી અને બીકાનેરની કોયર મંડલીએ ખુબ રંગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જમાવ્યો. રાતના ભાવનામાં પંજાબની દિલ્લી ભજન-મંડલીએ જનતાના મન મોહિત કરી લીધા હતા.

**આઠમ**—આજે જયંતિનાયકનો સ્વર્ગવાસ દિવસ હોવાથી આચાર્યશ્રીજી મુનિમંડલી સહિત ભજનોની ધૂન સાથે ગિરિરાજ ઉપર પધાર્યા હતા. દાદાના દરબારમાં નવાણું પ્રકારની પૂજા ઠાઠમાઠથી ભણાવવામાં આવી અને રથયાત્રાનો વરઘોડો ચઢાવવામાં આવ્યો. દાદાની ભારે આંગી રચાવવામાં આવી હતી. બાદ જયંતિનાયકની પ્રતિમા પાસે જયંતિનાયકના સ્તુતિ-રૂપ ભજનો ગવાયા હતા. **બપોરે આચાર્યશ્રીજીના સભાપતિપણા નીચે પંજાબી ધર્મશાળામાં સભા થઇ.** આચાર્યશ્રીએ મંગલાચરણપૂર્વક પ્રાથમિક પ્રભાવશાલી વિવેચન કર્યું. રૂા. **૧૦૧**) ની બોલીથી લાલા રતનચંદ (હોશીઆરપુરવાલા) પંજાબીએ જયંતિનાયક સદ્‌ગુરૂદેવની વાસક્ષેપથી પૂજા કરી લ્હાવો લીધો. ત્યારબાદ ભજન મંડળીનું ગાયન ગવાયું.

ત્યારબાદ શ્રી આત્માનંદ જૈન સભા(ભાવનગર)ના મુખ્ય **સેક્રેટરી શ્રી વલ્લભદાસભાઇ ગાંધી** અને **પાદરાકર મણિલાલભાઈ**એ જયંતિનાયકે કરેલી શાસન સેવા ઉપર સુંદર પ્રકાશ નાખ્યો હતો. મુનિશ્રી જ્ઞાનવિજયજી (ત્રિપુટી) મહારાજે જયંતિનાયકના સદ્‌ગુરુદેવ યોગિરાજ શ્રી બુદ્ધિવિજયજી મહારાજનું જીવન ચરિત્ર સંભલાવી શ્રી મૂલચંદજી મ૦ શ્રીવૃદ્ધિ-ચંદજી મ૦ અને જયંતિનાયક શ્રી આત્મારામજી મ૦ નો કેવી રીતે સમાગમ થયો એ વૃતાંત મધુર ભાષામાં સંભળાવ્યું.

પ્રસિદ્ધ વક્તા મુનિરાજશ્રી કાન્તિસાગરજી મહારાજે રાષ્ટ્રભાષામાં જયંતિ નાયકે સ્વ અને પરનું કલ્યાણ કેવી રીતે સાધ્યું અને મૂર્તિપૂજા પ્રભુ પૂજા ઉપર શાસ્ત્રો અને યુક્તિઓથી સુંદર પ્રકાશ ફેંક્યો. અંતે આચાર્યશ્રીજીએ ઉપસંહારપૂર્વક માંગલિક સંભળાવ્યું, રાતના ભાવના ભાવવામાં આવી

દશમીએ સવારમાં ધામધૂમથી કોયર મંડલીએ પૂજા ભણાવી.

બપોરે આચાર્યશ્રીજીની અધ્યક્ષતામાં સભા ભરાણી. આચાર્યશ્રીજીએ મંગલાચરણપૂર્વક વિવેચન કર્યું હતું.

મુનિશ્રી જયવિજયજી મ૦ જયંતિનાયકની અંગ્રેજ લોકોએ કરેલ સ્તુતિ અંગ્રેજીમાં સંભલાવી હતી. મુનિશ્રી જનકવિજયજી મ૦ રાષ્ટ્રભાષામાં જયંતિ-નાયકના જીવનની મુખ્ય મુખ્ય ઘટનાઓ પર સુંદર વિવેચન કર્યું. પંડિત જયંતિલાલજી અને માસ્ટર શ્યામલાલજી તેમજ જજ સાહેબ શિખરચંદજી બીકાનેરીના સુંદર ભાષણો થયા. સમય અધિક થઇ જતાં, આચાર્યશ્રીએ સંક્ષિપ્તમાં ઉપસંહાર કરી માંગલિક સંભળાવ્યું. રાતના ભાવના ભાવવામાં આવી.

અગીઆરસે સંક્રાંતિ હોવાથી આચાર્યશ્રીજી આદિ મુનિમંડલ ભજન મંડલીઓના ભજનોની ધૂન સાથે ગિરિરાજ ઉપર પધાર્યા. જયંતિનાયકની પ્રતિમા પાસે સ્તોત્ર સંભલાવી આષાઢ સંક્રાન્તિનુ નામ સંભલાવ્યું અને પ્રભુની રથયાત્રા ઠાઠ માઠથી કાઢવામાં આવી. દિલ્લી, પંજાબી અને બીકાનેરી ભજન મંડલીઓએ પ્રભુસ્તુતિના ભજનોની એવી તો ધૂન મચાવી કે જેથી ગિરિરાજ ગાજી ઊઠયું અને જોવા માટે યાત્રીઓનો એકદમ દરોડો પડ્યો. જોનાર અને સાંભલનાર દરેક વ્યક્તિના મુખમાંથી એજ શબ્દોચ્ચારણ થતા હતા કે—આવી રથયાત્રા તો કદીએ નીકલી નથી જોવામાં પણ આવી નથી. બપોરના આચાર્યજીની અધ્યક્ષતામાં સભા ભરવામાં આવી હતી. આચાર્યશ્રીજીએ મંગલાચરણપૂર્વક જયંતિનાયકનું સંક્ષિપ્ત પણ સચોટ જીવનચરિત્ર સંભળાવ્યું. એમાં પાલીતાણાનો પ્રવેશ, ચોમાસું, અને આચાર્યપદવી વિગેરે ઘટનાઓ એવા પ્રભાવ-શાલી શબ્દોમાં સંભળાવી જેનો પ્રભાવ શ્રોતાજનો ઉપર ખૂબ પડ્યો. પછી પ્રસિદ્ધ વક્તા મુનિરાજશ્રી કાન્તિસાગરજી મહારાજે રાષ્ટ્ર ભાષામાં બોલતા જયંતિનાયકના આત્મબલ ઉપર પ્રકાશ નાંખતાં શ્રી હેમચંદ્રાચાર્ય, શ્રી દાદા જિનદત્તસૂરિજી, મ૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યશોવિજયજી ઉપાધ્યાયાદિ મહાપુરૂષોનો નામોલ્લેખ કરી સુંદર વિવેચન કર્યું. આચાર્યશ્રીજીએ ઉપસંહાર કરી માંગલીક સંભળાવ્યું. જયનાદોની સાથે સભા વિસર્જન થઈ.

આવી રીતે અહિં પ્રથમ જ અપૂર્વ જયંતિ મહોત્સવ ઉજવાયો હતો. લાલા રતનચંદજી પંજાબી દિલ્હી, લાલા શાન્તિલાલજી પંજાબી હોશીયારપુર. શેઠ પ્રસન્નચંદજી કોચર બીકાનેર, રામરતનજી કોચર અને અનુપચંદજી કોચર બીકાનેર. આ સદ્ગૃહસ્થો તરફથી પૂજાઓ આંગીઓ ભાવનાદિ થઇ. સંઘવી ગીરધરલાલ ત્રીકમલાલ. રાધનપુર-મુંબઇના તરફથી વરઘોડો, પ્રભાવના, સાકરનું પાણી આદિ થયા. દાદાની આંગી સાધ્વી હેમશ્રીજીના ઉપદેશથી પંજાબી શ્રાવિકા સંઘ તરફથી થઇ હતી.

---

**સૌરાષ્ટ્રના વડા પ્રધાન**-અત્રેના બે બંધુઓ સુપ્રસિદ્ધ વકીલ શ્રીયુત ભાઇચંદ અમરચંદ તથા શ્રીયુત બેહચરલાલ નાનચંદના સુપ્રયત્નવડે તા. ૧૪-૬-૫૧ ના રોજ સાંજના સાત વાગે સૌરાષ્ટ્રના **વડા પ્રધાન ઢેબરભાઈ** આદિ આચાર્યશ્રીજીના દર્શનાર્થે પધાર્યા હતા. આ અવસરે અત્રેના નગરશેઠ **વનમાલીદાસભાઇ** તેમજ પેઢીના મોટા મુનિમજી આદિ સદ્ગૃહસ્થોની ઉપસ્થિતિ ધ્યાન ખેંચનારી હતી. વડા પ્રધાન પધારી આચાર્યશ્રીજીને નમસ્કાર કરી, ચરણોને હાથ લગાડી ઉચિત સ્થાને બિરાજ્યા અને પાકિસ્તાનમાં આચાર્યશ્રીજી આદિ સપડાઇ ગયા હતા તે સંબંધી ટૂંક વાતચીત કરી.

આચાર્યશ્રીજીએ મધુર રાષ્ટ્ર ભાષામાં ધર્મોપદેશ આપતા જણાવ્યું કે-સાધુઓ પોતાના ઉપદેશવડે સરકારને ઘણી સહાયતા આપી રહ્યા છે. જીવહિંસા ન કરવી, જૂઠું ન બોલવું, ચોરી ન કરવી, વિષય-વાસનાનો ત્યાગ કરવો, સંતોષ રાખવો, મોહ મમતા આદિનો ત્યાગ માટે સતત ઉપદેશ આપે છે. જો જગત સાધુઓના ઉપદેશાનુસાર ચાલે તો સરકારને કોઇ જાતની ખટપટમાં ઉતરવું ન પડે. ઉપનિષદો આદિના શ્લોકો સંભળાવી માંસભક્ષણાદિમાં થતાં દોષો પર અને ધર્મમાં સરકારની ડખલગીરી વિગેરે બાબતો ઉપર સચ્ચોટ સુંદર પ્રકાશ નાંખ્યો અને **"શિવમસ્તુ સર્વજગત"** આ શ્લોક ઉચ્ચારણ કરી સુંદર વિવેચન કરી સમજાવ્યું હતું અને લોકો આ પ્રમાણે વર્તે તો કોઇ દુખી ન થાય. સો સુખી થાય ઇત્યાદિ ઉપદેશ વડા પ્રધાન શ્રી ઢેબરભાઈએ એક કલાક સુધી એકાગ્રચિત્તે શાંતિપૂર્વક સાંભળ્યો. ઉઠતી વખતે આચાર્યશ્રીજી પાસેથી આશીર્વાદ માંગ્યો કે-મારાથી આપના ઉપદેશથી સારા સારા કાર્યો થાય. આચાર્યશ્રીજીએ ધર્મલાભરૂપ આશીર્વાદ આપતા જણાવ્યું કે ધર્મી બનો અને બીજાઓને ધર્મી બનાવો ઇત્યાદિ જણાવતાં જણાવ્યું કે-આપનું નામ છે ઢેબરભાઇ, ઢેબરાં કેવા મજાના સ્વાદીષ્ટ હોય છે, પ્રાય સર્વને પ્રિય હોય છે તેમ આપ પણ સર્વને પ્રિય થાઓ એવું કાર્ય કરતા રહેશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વીકાર–સમાલોચના.

## શ્રી પંચ પ્રતિક્રમણસૂત્રાણિ વિધિ સહિત.

સંપાદક. **પંન્યાસજી મહારાજ સમુદ્રવિજયજી ગણિ.**

આવશ્યક ક્રિયાના વગેરેના અનેક ગ્રંથો ગુજરાતી ભાષામાં ઘણા પ્રગટ થાય છે, પરંતુ જ્યાં તે ભાષાનું ચલણ નથી તેવા મારવાડ, રજપુતાના અને બેંગાલ જર્યાના જૈન બંધુઓને ખાસ ઉપયોગી થઇ પડે તે માટે આ પંચ પ્રતિક્રમણસૂત્ર તેના વિધિ-વિધાન સહિત મૂળ સૂત્રો, સાથે જ્યાં જ્યાં ગુજરાતી ભાષા છે ત્યાં તેમજ વિધિવિધાન છે ત્યાં ત્યાં હિંદીભાષામાં શુદ્ધ રીતે આ ગ્રંથનું સંપાદનકાર્ય પંન્યાસજી શ્રી સમુદ્રવિજયજી મહારાજે અતિ પરિશ્રમવડે કરી તૈયાર કરેલ છે, જેથી તે ભાષાના જાણકાર માટે મહદ ઉપકાર કર્યો છે. વિધિવિધાનના વિષયો જેવા કે સામાયિક લેવા પૂર્વે સ્થાપના સ્થાપિત કરવાની વિધિ ( જુઓ ચિત્ર નં. ૧ ) વગેરેમાં સચોટ રીતે ચિત્રો બતાવવામાં આવેલ છે તે જોઇ બાળવર્ગ પણ સરલ રીતે વિધિપૂર્વક પ્રતિક્રમણ કરી શકે છે કે જે અનુકરણીય છે. આચાર્યશ્રી વિજયકસ્તુરસૂરિજી મહારાજે પ્રતિક્રમણ કરવાની શા માટે આવશ્યકતા છે ? અને પરમાત્માઓ સંસારી જીવોને નિરંતર દુઃખમાંથી છૂટવા પ્રધાન યોગ કેમ કહેલ છે ? તે આ ગ્રંથની પ્રસ્તાવનામાં સંક્ષિપ્ત રીતે જે લખેલ છે તે ખાસ વાંચવા વિચારવા જેવું છે. હવે પછી પ્રતિક્રમણ વિધિવિધાન સહિત કોઈ પણ ભાષામાં પ્રકાશન કરનારે આ બુક પ્રથમ ખાસ ધ્યાનમાં લેવા જેવી છે. સંપાદક કૃપાળુ પંન્યાસજી મહારાજ શ્રી સમુદ્રવિજયજીમહારાજે વડિલ ગુરુમહારાજાઓના ત્રિરંગી ફોટાઓ આપી અનન્ય ભક્તિ દર્શાવી છે

સંપાદક પંન્યાસજીમહારાજ શ્રી જૈન કલ્પસૂત્ર, શ્રીપાળચરિત્ર, સાધુ સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાના સૂત્રો અને આ ગ્રંથ વગેરે ગ્રંથો હિંદી ભાષામાં તૈયાર કરી સમાજ ઉપર ઉપકાર કરી રહ્યા છે )

કિંમત ત્રણ રૂપીયા. મળવાનું સ્થળ. શ્રી અંબાલા ( પંજાબ ) શ્રી જૈન આત્માનંદ સભા.

---

## ॥ सिरिचंदप्पहमहत्तररइअं ॥

આ ચરિત્ર પ્રાકૃત ભાષામાં પ્રતાકારે લેઝરપેપર ઉપર શાસ્ત્રી ટાઇપમાં શુદ્ધ છપાયેલી છે જે શ્રી વિજયકસ્તુરસૂરિમહારાજના સુશિષ્ય શ્રી સુહંકરવિજયજીએ સંશોધન કરેલ હોવાથી તેના અભ્યાસીઓને માટે સુગમ બનેલ છે. કિંમત પઠન–પાઠન.

પ્રાપ્તિસ્થાન–શાહ કેશવલાલ પ્રેમચંદ કંસારા–ખંભાત

---

## સમસ્ત જૈન સમાજે ગૂમાવેલ જૈનનરરત્ન અને અગ્રણી ઝવેરી મુલચંદભાઇ આશારામ વૈરાટીનું થયેલું દુઃખદ અવસાન.

જૈન સમાજના નરરત્ન અને આગેવાન, અમદાવાદના અગ્રગણ્ય નાગરિક અને સુપ્રસિદ્ધ રોયલ ઝવેલરી માર્ટના માલીક શ્રી ઝવેરી મુલચંદભાઇ આશારામ વૈરાટીનું તા. ૨૪ મી જૂન જેઠ વદ ૫ ને રવીવારે સવારે ૫ વાગે એકાએક હૃદય બંધ પડવાથી ૬૮ વર્ષની વયે દુઃખદ અવસાન થયું છે. તેઓશ્રી "સોના, ચાંદી, ઝવેરાતના દાગીનાના વહેપારી એશોશીએસનના પ્રમુખ, "અમદાવાદ ઝવેરી મંડળ"ના ઉપપ્રમુખ, જૈન શ્વેતાંબર કોન્ફરન્સના જનરલ સેક્રેટરી અને તેના વર્ષો સુધી પ્રાંતિક સેક્રેટરી અને "શ્રી જૈન વીશા ઓશવાળ કલબ" ના વર્ષો સુધી સેક્રેટરી હતા. આ ઉપરાંત તેઓ ઘણી ધાર્મિક સંસ્થાઓના અગ્રગણી કાર્યકર્તા અને મેનેજીંગ કમીટીઓના સભ્ય હતા "સુઘોષા" નામના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માસિક પત્રના તંત્રી તરીકે ઘણો વખત કામગીરી કરેલી. તેમણે જૈન સમાજમાં પ્રગતીશીલ વિચારો ફેલાવવામાં અગ્રગણ્ય ભાગ ભજવ્યો હતો. તેઓ સાચા સુધારક હતા. તેઓએ અભ્યાસપૂર્ણ લેખો લખ્યા છે, તેઓ એક સારા તેજસ્વી વકતા ગદ્ય-પદ્ય લેખક પણ હતા. જૈન સમાજની જાહેર પ્રવૃત્તિઓમાં તેમની વિપુલ સેવાનો લાભ તેઓ છેલ્લી ઘડી સુધી આપતા રહ્યા હતા. તેઓ સમાજના સાચા સલાહકાર હતા.



તેમને ૭ વર્ષની નાની વયે જ પોતાના માતા-પિતાનો વિયોગ થયો હતો. તેઓ આપ બળેજ આગળ આવ્યા હતા. ઇ. સ. ૧૯૧૨ માં તેમણે તેમની હાલની સુપ્રસિદ્ધ 'રોયલ જ્વેલરી માર્ટ' નામની સોના ચાંદી અને ઝવેરાતની પેઢી અમદાવાદમાં શરૂ કરી. ધંધાના વિકાસાર્થે તેમણે માળવા, ગુજરાત, સૌરાષ્ટ્ર, મહીકાંઠા આદિ પ્રદેશના પ્રથમ પંક્તીના રાજ્યોથી માંડી નાના મોટા ઠાકોર દરબારો સુધી સૌનો પરિચય સાધ્યો હતો અને તેમના રાજ્યાભિષેક અને બીજા અગત્યના પ્રસંગે ભરાતા દરબારોમાં તેમને સત્કારનું માન મેળવ્યું હતું. તેમની પેઢીએ બનાવેલી ઘણી કળામય ચીજો શાળા કોલેજોમાં મૂકવામાં આવેલ છે, જે આજે પણ પ્રેક્ષકોને મુગ્ધ કરે છે. તેમણે બનાવેલ કળામય કાસ્કેટો હિંદના વડા પ્રધાન પંડીત જવાહરલાલ નહેરૂ તથા નાયબ વડા પ્રધાન સરદાર વલ્લભભાઇ પટેલ ઉપરાંત ઘણા વાઇસરોય તેમજ ગવર્નરોને અર્પણ કરવામાં આવ્યા છે.

તેમનો ખાસ શોખ જુના સીક્કા, ચિત્રો, કળા અને કારીગરીની પ્રાચિન તેમજ અર્વાચિન ચીજોનો સંગ્રહ કરવાનો હતો. યોગના, ધર્મતત્વના અને ઐતિહાસિક સંશોધનના ગ્રંથોનું વાંચન એ એમનો પ્રિય વિષય હતો.

તેમના અવસાન પ્રત્યે "સોના, ચાંદી અને ઝવેરાતના દાગીનાના વહેપારી એસોશીએસન" તથા 'અમદાવાદ ઝવેરી મંડળ' ઇત્યાદિ મંડળોએ શોક પ્રદર્શિત ઠરાવો કર્યા હતા અને તેમના માનમાં "સોના ચાંદી અને ઝવેરાતના દાગીનાના વહેપારી એશોશીએસને" એક દિવસ સુધી પોતાનું કામકાજ બંધ રાખી પાખી પાળી હતી.

અત્રે એ યાદ આપવાની જરૂર છે કે થોડા મહીના પહેલાં જ તેમના જ્યેષ્ઠ પુત્ર વિમળભાઈ ઝવેરીનું એકાએક હૃદય બંધ પડવાથી થયેલ દુઃખદ અવસાનથી તેમને સખ્ત આઘાત પહોંચ્યો હતો.

તેમના અવસાનથી સમસ્ત જૈન સમાજે એક કાબેલ આગેવાન અને અમદાવાદે એક અગ્રણી નાગરિક ગૂમાવ્યો છે. આ સભાના માનનીય અને પ્રેમ ધરાવનાર સભ્ય હોઇ તેમના દુઃખદ અવસાનથી તેમના બહોળા કુટુંબ પર જે દુઃખ આવી પડયું છે તેને સહન કરવાની શક્તિ પ્રભુ તેમને આપો એવી અમારી પ્રાર્થના છે. પ્રભુ સદ્‌ગતના આત્માને ચિર શાન્તિ અર્પો !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૮ મું

અંક ૧ થી ૧૨ : : સને ૧૯૫૦-૫૧

સંવત ૨૦૦૬/૭



: પ્રકાશક :

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

( પુસ્તક ૪૮ મું )

( સં. ૨૦૦૬ ના શ્રાવણ માસથી સં. ૨૦૦૭ ના અષાડ માસ સુધીની )

## વાર્ષિક વિષયાનુક્રમણિકા.

### ૧. પદ્ય વિભાગ


| નંબર | વિષય. | લેખક. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ | ક્ષમાપના | ( મુનિરાજ જિતેન્દ્રવિજયજી ) | ૧ |
| ૨ | શ્રી શીતલનાથ જિન સ્તવન. | ( આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ ) | ૨૧ |
| ૩ | પ્રથમ શ્રી સીમંધર જિન સ્તવન. | ( ડૉ. વલ્લભદાસ નેણશીભાઇ ) | ૨૯ |
| ૪ | ઉપકાર દર્શન. | ( મુનિરાજ જિતેન્દ્રવિજયજી મહારાજ ) | ૪૧ |
| ૫ | શ્રી વીરજિનેશ્વર સ્તવન. | ( મુનિરાજ જંબૂવિજયજી મહારાજ ) | ૬૧ |
| ૬ | સામાન્ય જિન સ્તવન. | ( મુનિરાજ જંબૂવિજયજી મહારાજ ) | ૮૧ |
| ૭ | શ્રી મલ્લિનાથ સ્તવન. | ( શ્રી કાન્તિ શાહ ) | ૧૦૩ |
| ૮ | શ્રી પાર્શ્વજિનેશ્વર સ્તવન. | ( મુનિરાજ જંબૂવિજયજી મહારાજ ) | ૧૦૫ |
| ૯ | શ્રી ગૌતમસ્વામીનો વિલાપ. | ( મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી ) | ૧૨૬ |
| ૧૦ | શ્રી અજિતનાથ જિન સ્તવન. | ( મુનિશ્રી રુચકવિજયજી મહારાજ ) | ૧૩૧ |
| ૧૧ | આંતરનાદ | ( ઝવેરી મૂળચંદ આશારામ વૈરાટી ) | ૧૩૨ |
| ૧૨ | શ્રી આદિનાથ જિન સ્તવન. | ( આ. વિજયલબ્ધિસૂરિજી મહારાજ ) | ૧૪૭ |
| ૧૩ | શ્રી સંખેશ્વર પાર્શ્વનાથ જિન સ્તવન | ( આ. વિજયકસ્તૂરસૂરિ મહારાજ ) | ૧૬૪ |
| ૧૪ | સિદ્ધાર્થનંદ કહોને | ( ઝવેરી મૂળચંદ આશારામ વૈરાટી ) | ૧૬૯ |
| ૧૫ | સમાન્ય જિન સ્તવન | ( મુનિશ્રી જંબૂવિજયજી મહારાજ ) | ૧૮૧ |
| ૧૬ | શ્રી વીરજિન સ્તવન | ( પં. દક્ષવિજયજી મહારાજ ) | ૧૮૧ |
| ૧૭ | પ્રભુના મંદિર ખોલો | ( ઝવેરી મૂળચંદ આશારામ વૈરાટી ) | ૧૮૯ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૨. ગદ્ય વિભાગ.


| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ | નૂતન વર્ષનું મંગલમય વિધાન | ( શ્રી ફતેહચંદ ઝવેરભાઇ ) | ૨ |
| ૨ | અંતરિક્ષ પાર્શ્વનાથજી તીર્થ | (મુનિરાજ શ્રી જંબૂવિજયજી) | ૮, ૪૨, ૮૨, ૧૦૬, ૧૪૮ |
| ૩ | તત્ત્વાવબોધ | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૧૩, ૨૨, ૫૧, ૬૮, ૮૬, ૧૧૪ |
| ૪ | સંયમ અને શ્રમણ | ( મુનિરાજ ચંદ્રપ્રભસાગરજી ) | ૧૫ |
| ૫ | આ સભાના સાહિત્ય પ્રકાશન માટે અભિપ્રાયો તથા ગયા વર્ષના રિપોર્ટ માટે “ ભાવનગર સમાચાર ” પત્ર અને શામળદાસ કોલેજના પ્રીન્સીપાલના અભિપ્રાયો. | | ૧૭–૬૦–૧૦૦ |
| ૬ | વર્તમાન સમાચાર પા. ૧૭–૬૦–૮૦–૧૦૧–૧૩૦–૧૪૩ થી ૧૪૬–૧૪૯–૧૯૦–૨૧૧ | | |
| ૭ | શ્રી આત્માનંદ પુણ્ય ભવનના નામાભિધાનની થયેલી માંગલિક ક્રિયા. | | ૧૮ |
| ૮ | આ સભા તરફથી જ્ઞાનમંદિર માટે ચણાતા મકાનનું ખાતી પ્રવેશદ્વાર અને કુંભ સ્થાપના ( અપૂર્વ પ્રવેશ ) ના કરવામાં આવેલા મુહૂર્તો. | | ૧૮–૧૦૩–૧૯૧ |
| ૯ | સંસારનું સ્વરૂપ અને તેની નિવૃત્તિ | ( કમળાબ્હેન રતનચંદ સુતરીયા એમ. એ. | ૨૦ |
| ૧૦ | સ્વીકાર–સમાલોચના | | ૨૦–૭૮ |
| ૧૧ | કમ્મયડિ અને ( બંધ ) સયગ: | ( પ્રો. હીરાલાલ ર. કાપડીઆ M. A. ) | ૨૫ |
| ૧૨ | ચારુશીલા રમણી રત્નો | ( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૩૩ |
| ૧૩ | ધર્મ કૌશલ્ય | ( મૌક્તિક ) | ૩૮, ૫૭, ૭૬, ૧૩૯ |
| ૧૪ | આદર્શ પ્રાર્થના | ( કમળાબેન રતનચંદ સુતરીઆ M. A. ) | ૪૦ |
| ૧૫ | શ્રી હેમચંદ્રાચાર્યશ્રીજી અદ્વિતીય ઉદારતા | ( શ્રી દર્શનવિજયજી મહારાજ ( ત્રિપુટી ) | ૫૩, ૭૦ |
| ૧૬ | સ્યાદ્વાદ | ( મૃદુલાબ્હેન છોટાલાલ કોઠારી ) | ૫૫ |
| ૧૭ | શ્રી ભદ્રાવતી પાર્શ્વનાથ તીર્થ | ( મુનિરાજ જંબૂવિજયજી મહારાજ ) | ૬૨ |
| ૧૮ | ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ | ( ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ M. B. B. S. ) | ૭૧ |
| ૧૯ | દ્વિતીય શ્રી યુગમંધર જિન સ્તવન ( સાર્થ ) | ( ડૉ. વલ્લભદાસ નેણશીભાઇ ) | ૮૮ |
| ૨૦ | સંગરણી ( સંગ્રહણી ) | ( પ્રો. હીરાલાલ ર. કાપડીઆ M. A. ) | ૯૨ |
| ૨૧ | માનવતાની ભવાઇ | ( મુનિરાજ શ્રી ચંદ્રપ્રભસાગરજી ) | ૯૬ |
| ૨૨ | શંકા–સમાધાન | (શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ) | ૯૭, ૧૨૧, ૧૨૭ |
| ૨૩ | મહાન વિભૂતિની પ્રતિતિ અને મહત્વ તથા સુરેન્દ્રનગરના ચમત્કારો | ( મળેલું ) | ૯૯ |
| ૨૪ | સંપૂર્ણ બ્રહ્મચર્ય વિના પ્રભુપ્રાપ્તિ અશક્ય છે | ( કમળાબેન ર. સુતરીઆ M. A. ) | ૧૦૪ |
| ૨૫ | શ્રી બાહુજિન સ્તવન અર્થ સહિત. (૩) | ( ડૉ. વલ્લભદાસ નેણશીભાઇ ) | ૧૧૭ |
| ૨૬ | સભાનો સં. ૨૦૦૬ ની સાલનો રિપોર્ટ તથા સરવૈયું. | ( સભા ) | ૧૩૦ પછી |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૭ ષડ્દર્શન સમુચ્ચય અને તેની ટીકાઓ. ( પ્રો. હીરાલાલ ર. કાપડીઆ એમ. એ. ) ૧૩૫
૨૮ જેસલમેર જ્ઞાનભંડારોના સંશોધક કાર્ય માટેના જાણવા યોગ્ય લેખો. ૧૩૩–૧૭૦
૨૯ શ્રી સિમંધરસ્વામી સંબંધી માહિતી ( લે૦ હીરાલાલ રસિકલાલ ) ૧૮૬
૩૦ શ્રી દેવચંદ્રજીકૃત શ્રી સુબાહુ પ્રભુ (૪) શ્રી સુજાતસ્વામી (૫) શ્રી સ્વયંપ્રભ પરમાત્મા (૬) અને રૂષભાનન જિનેશ્વર (૭) ( ડૉ. વલ્લભદાસ નેણુશીભાઇ ) ૧૪૦–૧૫૦–૧૬૪–૧૮૪
૩૧ જૈન સસ્તા સાહિત્ય સંબંધી (કમીટી) ૧૪૪
૩૨ દંડગ ( પ્રો. હીરાલાલ ર. કાપડીઆ એમ. એ.) ૧૫૪,૧૬૮
૩૩ પરમ પવિત્ર શ્રીશત્રુંજય તીર્થદર્શન હકીકત સાથે ( આત્મવલ્લભ ) ૧૬૩
૩૪ સુબોધમાળા ( આ. વિજયકસ્તૂરસૂરિ મહારાજ ) ૧૬૫–૧૮૨
૩૫ તીર્થશ્રી શંખેશ્વરજીમાં પૂજ્યાચાર્યોનું મિલન પા. ૧૫૯
૩૬ શ્રી શત્રુંજયતીર્થમાં આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનો અપૂર્વ પ્રવેશ પા. ૧૭૬
૩૭ શ્રી શત્રુંજય તીર્થ ઉપર શ્રી આત્મારામજી મહારાજની સાત ધાતુમય પ્રતિમાની ફરી થયેલી પ્રતિષ્ઠા. ૧૯૦
૩૮ શ્રી શત્રુંજય તીર્થમાં શ્રી શ્રમણ સંઘે કરેલા નિર્ણયો. ૧૯૧
૩૯ શ્રી જૈન કોન્ફરન્સનું ( ૧૮ મું ) અધિવેશન જુનાગઢ. ૧૯૬
૪૦ જેસલમેરના જ્ઞાનોદ્ધાર–ભક્તિ, અને સાહિત્ય યાત્રાની પૂર્ણાહૂતી, શ્રી સંઘના સન્માનપૂર્વક પરમકૃપાળુ મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે કરેલો વિહાર રસ્તામાં અજબ ચમત્કાર. ૨૦૦
૪૧ આ સભાનો શ્રી તાલધ્વજગિરિ ઉપર ઉજવાયેલો ૫૫ મો અપૂર્વ વાર્ષિક મહોત્સવ. ૨૦૬
૪૨ અપૂર્વ આત્મજયંતિ ( શ્રી સિદ્ધક્ષેત્રમાં ) ૨૦૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પાર્શ્વનાથ પ્રભુ ( સચિત્ર ) ચરિત્ર.

( ઘણી થોડી નકલો સિલિકે છે. )

## પરમાત્મા શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર. સચિત્ર ( કિંમત રૂા. ૧૩ )

આ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર સચિત્ર, સુંદર, આકર્ષક અને આત્મકલ્યાણ સાધનારૂં હોવાથી જૈન સમાજમાં પ્રિય થઇ પડવાથી, જિજ્ઞાસુ જૈન બંધુઓ અને બ્હેનો આ ચરિત્ર ગ્રંથ ભેટ મંગાવે છે, જેથી હવે પછી નવા થનારા લાઇફ મેમ્બર બંધુએ અને બ્હેનોએ રૂા. ૧૦૧) લાઇફ મેમ્બર ફીના તથા રૂા. ૭) શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્રના મળી રૂા. ૧૦૮) મોકલી આપશે તેમને ( સલિકમાં હશે ત્યાં સુધી ) ભેટ આપવામાં આવશે.

# જ્ઞાન પ્રદીપ ભાગ બીજો.

લેખક—આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

જ્ઞાનના પરિપાકરૂપે ધાર્મિક, નૈતિક અને સામાજિક વિષયો, લેખો કે જે સંસારમાં અટવાયેલા મનુષ્યને સાચી માનવતાનો રાહ બતાવનાર, આબાલવૃદ્ધ સર્વ જનસમૂહને હૃદયસ્પર્શી થતાં મનનપૂર્વક પઠન–પાઠન કરનારને બોધપ્રદ અને સાથે આત્મિક આનંદ થવા સાથે મનુષ્ય જન્મની કેમ સફલતા થાય તેની રીતે સુંદર સુગંધી પુષ્પમાળારૂપે ગુંથી સાદી, સરલ, રોચક ભાષામાં તૈયાર કરવામાં આવેલ છે. પ્રથમ ભાગની એટલી બધી પ્રશંસા થઈ હતી કે તેનો બીજો ભાગ જલદી પ્રકટ કરવા ઉપરા ઉપર માંગણી થતાં આચાર્ય મહારાજની કૃતિના નવા ૩૭ વિવિધ વિષયોનો સમૂહ છે તે પ્રકટ કરવામાં આવેલ છે. તેની કિંમત રૂા. ૪) છે. વિશેષ લખવા કરતાં વાંચીને લાભ લેવા નમ્ર સૂચના છે.

---

# ૧ મહાસતી શ્રી દમયંતી ચરિત્ર.

( ઘણી થોડી નકલો સિલિકે રહી છે. )

## શ્રી માણિકયચંદ્રદેવસૂરિ વિરચિત મૂળ ઉપરથી અનુવાદ. સચિત્ર.

પૂર્વનો પૂણ્યયોગ અને શીલતું માહાત્મ્ય સતી શ્રીદમયંતીમાં અસાધારણ હતું, એ અસાધારણ શીલના પ્રભાવવડેના ચમત્કારિક અનેક પ્રસંગો, વર્ણનો સાથે નળરાજા પ્રત્યે અપૂર્વ પતિભક્તિ, પ્રતિજ્ઞાપાલન, તે વખતની રાજ્યનીતિ, સતી દમયંતીએ વન નિવાસના વખતે, આવતા સુખ દુઃખે વખતે ધીરજ, શાંતિ રાખી કેટલાયે મનુષ્યોને ધર્મ પમાડેલ છે. તેની ભાવભરીત ને તેમજ પુણ્યશ્લોક નળરાજાના પૂર્વના અસાધારણ મ્હોટા પુણ્યબંધના યોગે તેમના માહાત્મ્ય, મહિમા, તેમના નામ સ્મરણથી મનુષ્યોને થતા લાભો વગેરેતું વર્ણન આ ગ્રંથમાં આપ્યું છે. બીજી અંતર્ગત સુબોધક કથાએ પણ આપવામાં આવેલી છે. ફોર્મ ૩૯ પાના ૩૧૨ સુંદર અક્ષરો, સુંદર બાઇડીંગ કવર જેકેટ સહિત કિંમત રૂા. ૭–૮–૦ પોસ્ટેજ જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

## શ્રી શ્રેયાંસનાથ જિનેશ્વરનું સચિત્ર ચરિત્ર.

પૂર્વાચાર્ય શ્રી માનતુંગસૂરીશ્વરજી રચિત શુમારે પાંચ હજાર ઉપરાંત શ્લોક પ્રમાણ સંસ્કૃત ભાષામાં રચેલ આ અનુપમ કૃતિનો ગુજરાતીમાં અનુવાદ ( ગ્રંથ ) થોડા દિવસમાં છપાંઇ જશે. ઊંચા કાગળો, સુંદર ગુજરાતી ટાઈપો, સુમારે સાડાત્રણસેં ઉપરાંત પાનાઓ, પ્રાચીન કલાના દૃષ્ટિએ સુંદર પરિકર સાથેનો, પ્રભુનો ફોટો, શાસનદેવ સહિત પ્રભુનો ફોટો, શ્રી સમેતશિખર નિર્વાણ પામ્યાના વખતનો, મેરૂપર્વત જન્માભિષેકનો, જ્યાં પ્રભુના ચાર કલ્યાણો થયા છે તે, સિંહપુરી નગરના વર્ણન સહિતનો અને સુંદર કવર જેકેટનો અને પરમ ગુરૂદેવશ્રી આત્મારામજી મહારાજનો વગેરે સર્વ રંગીન આર્ટ પેપર ઉપર સુંદર ફોટાઓ સાથે અને અલંકૃત બાઇંડીંગ સાથે પ્રગટ થશે. આ ગ્રંથમાં આર્થિક સહાય આપનાર પુણ્યવંત ભાગ્યશાળી શ્રીમંત જૈન બ્હેનો કે બંધુઓનો પણ ફોટો જીવનચરિત્ર સાથે આ ચરિત્રમાં આપવામાં આવશે. સુકૃતની લક્ષ્મીનો જ્ઞાનોદ્ધારજ્ઞાનભક્તિ માટે અવશ્ય લાભ કોઇ પણ પરમ શ્રદ્ધાળુ આત્માએ ખાસ લેવા જેવું છે. જીવનમાં આવો જ્ઞાનભક્તિનો પ્રસંગ સુકૃત લક્ષ્મી અને પુર્વના પુણ્યયોગે જ મળી શકે છે. આ જ્ઞાન અને પ્રભુભક્તિના ઉત્તમ કાર્ય માટે કોઇ પુણ્યપ્રભાવક જૈન બંધુઓની આર્થિક સહાયની જરૂર છે.

---

## શ્રી વર્તમાન ચોવીશીના જિનેશ્વર ભગવંતોનાં સંક્ષિપ્ત (સચિત્ર) જીવન ચરિત્રો.

વિદ્વાન પૂર્વાચાર્ય શ્રી અમરચંદ્રસૂરીશ્વરજીએ સંવત ૧૩૪૯ ની સાલમાં રચેલ, શ્રી આદિનાથ પ્રભુ આદિ ચોવીશ તીર્થંકર ભગવંતોના સંક્ષિપ્ત જીવન ચરિત્રો સાદા સરલ અને ટુંકા છે. તેમાં ( જિનેન્દ્ર ભગવંતો ) ના વિવિધ રંગના શાસન દેવદેવીઓ સહિતના ફોટાઓ, તેમજ રેખા ચિત્રો રંગીન મુકી ગુજરાતી ભાષાંતર છપાવવાનું કાર્ય શરૂ થયું છે. જેમાં ચરિત્રો સાથે પરમાત્મા પચ્ચીશી પરમાત્મા જ્યોતિ પચ્ચીશી, શ્રી વીતરાગ સ્તોત્ર અને શ્રીમાન હરિભદ્રસૂરિકૃત પ્રથમ અષ્ટક મૂળ અનુવાદ સાથે આ ચરિત્ર ગ્રંથમાં આપવામાં આવશે. આ ચરિત્ર ગ્રંથ પુણ્યપ્રભાવક ઝવેરી શેઠ ભોગીલાલભાઈ રીખભચંદે સુકૃતની મળેલી લક્ષ્મીની સહાયવડે આ જ્ઞાન ભક્તિના કાર્ય માટે આર્થિક સહાય આપેલ છે તે માટે આભાર માનવામાં આવે છે.

---

## નીચેના સંસ્કૃત તથા ગુજરાતી ભાષાના ગ્રંથો

( ઘણી જ થોડી નકલો સિલિકે ફરી મળવા સંભવ નથી. )

### સંસ્કૃત ગ્રંથો

| | | | |
|---|---|---|---|
| જૈન મેઘદૂત | ૨-૦-૦ | કર્મગ્રંથ ભાગ ૨ | ૪-૦-૦ |
| પ્રકરણ સંગ્રહ | ૦-૮-૦ | કથારત્નકોષ | ૮-૮-૦ |

### ગુજરાતી ગ્રંથો

| | | | |
|---|---|---|---|
| કુમાર વિહાર શતક | ૧-૮-૦ | સંઘપતિ ચરિત્ર | ૬-૮-૦ |
| જૈન ગુર્જર કાવ્ય સંગ્રહ | ૨-૧૨-૦ | વસુદેવ હિન્દી ભાષાંતર | ૧૫-૦-૦ |
| વિજયાનંદસૂરી | ૦-૮-૦ | શ્રી શાન્તિનાથ ચરિત્ર | ૭-૮-૦ |
| પંચપરમેષ્ઠી ગુણરત્નમાળા | ૧-૮-૦ | આદર્શ સ્ત્રીરત્નો ભાગ ૨ | ૨-૦-૦ |
| કાવ્ય સુધાકર | ૨-૮-૦ | જ્ઞાનપ્રદીપ ભાગ ૨ | ૪-૦-૦ |
| સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ | ૨-૮-૦ | આચાર ઉપદેશ | ૧-૦-૦ |
| વીશસ્થાનક પૂજા ( અર્થ સહીત ) | ૧-૪-૦ | આત્મકાન્તિ પ્રકાશ | ૦-૪-૦ |
| ધર્મબિન્દુ | ૩-૦-૦ | જ્ઞાનામૃત કાવ્યકુંજ | ૧-૦-૦ |
| તત્વનિર્ણય પ્રાસાદ | ૧૦-૦-૦ | બ્રહ્મચર્ય પૂજા | ૦-૪-૦ |

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ   શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only